માસિક Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન ૬૨ માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૨૭ ● જૂન ૨૦૨૬
Volume no. 19, • Issue No. 227 • June 2026

અધિક કસરસ્નાન



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-



માંડવી પૂનમ નગર (કચ્છ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



દહીંસરા (કચ્છ) મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




ટીકર (પરમાર - મૂળી પ્રદેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



નાના અંકેવાડીયા મંદિરના શત વાર્ષિક પાટોત્સવ પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



માનકૂવા (કચ્છ) મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૨૭ ● જૂન-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી અમૃતવચનો ૦૬

૦૪. લક્ષ્મીદાસ જાનીનો સંકલ્પ પૂર્ણ કર્યો ૧૦

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૧

૦૬. ભક્તિસુધા ૧૨

૦૭. સત્સંગ સમાચાર ૧૬

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

અસ્મદીયમ્

અત્યારે અધિક પુરૂષોત્તમ માસ ચાલી રહ્યો છે. આ માસમાં ભગવાનનું વિશેષ ભજન-સ્મરણ, કીર્તન-ભક્તિ થાય તે માટે આ પુરૂષોત્તમ માસ દર ત્રણ વર્ષે આવે છે. આપણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આખા અધિક માસમાં વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો ખૂબજ ધામધૂમથી ઉજવાઈ રહ્યા છે. આ માસમાં કથા-પારાયણો દ્વારા અમદાવાદ શહેરના હરિભક્તોએ કથાના રસપાનનો મહા લાભ લીધો.

ભગવાન શ્રી નરનારાયણદેવને આ વર્ષે અઢી માસ પર્યન્ત સુધી ચંદનના વાઘાના દર્શનનો અદ્‌ભુત અલૌકિક લાભ સૌ ભક્તો લઈ રહ્યાં છે.

હવે આગામી સમયના ઉનાળાનો પ્રકોપ ખૂબ જ વધતો જશે. આપણે એ માટે સતત જાગૃત થવાની જરૂર છે. દરેક ગામ, શહેર સોસાયટીઓમાં વૃક્ષો વાવો અને તેનું જતન કરો તો જ આગામી સમય આપણા માટે પર્યાવરણથી બચવાનો ઉપાય છે. જો વૃક્ષો નહીં વાવીએ અને પાણીનો બચાવ નહીં કરીએ તો જીવ પ્રાણી માટે પાણી મળવું ઘણું દુર્લભ બનશે.

ભગવાન શ્રીહરિ તેમના સમયમાં વાવ-કૂવા તળાવો સ્વયં જાતે ખોદાવતા અને જીવ-પ્રાણી માત્રને પીવા માટેનું જળ મળે તેવા સતત પ્રયત્ન કરતા અને કરાવતા. આજે પણ એ જૂના તળાવો, વાવો ગામો ગામ છે તેને ગળાવીને આગામી સમયમાં ઉપયોગ થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.

આપણે સૌ હરિના આશ્રિતજનોને આપણા દેશની પર્યાવરણની જાળવણી થાય તે માટે વિશેષ જાગૃતિ થાય તે માટે સમગ્ર ધર્મકૂળની ખાસ ભલામણ છે કે પરિવાર દીઠ એક વૃક્ષ વાવજો અને પાણીનો પણ જરૂર હોય તેમ ઉપયોગ કરજો. ખોટો બગાડ ન થાય તેનું સતત ધ્યાન રાખજો.

જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ તમે ટીપે ટીપું પાણીનો બગાડ કરશો નહી તો ટીપે ટીપું વધશે તો તળાવ ભરાય તેટલું પાણી વધશે અને આવનારા સમયમાં એ ખૂબજ ઉપયોગી થશે. જેમ અત્યારે અમેરિકા-ઈરાન વચ્ચેના યુધ્ધને લીધે આખી દુનિયા પેટ્રોલ, ડીઝલ, ગેસ માટે હેરાન-પરેશાન થઈ ગયા છે તેમ આવનારા વર્ષોમાં પણ પાણી માટે યુધ્ધ થશે તે કહેવાય નહીં. માટે આપણે અત્યારથી જાગૃત થઈએ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ





પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

તવારીખ (મે-૨૦૨૬)

૧-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માનકુવા (કચ્છ) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનોનું) દહીંસરા (કચ્છ) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૪ પૂનમનગર માંડવી (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ડીસા રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા ૧૯૯ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ ઉનાવા ગામે મહાકાલી માતાના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
રાયસણ (ગાંધીનગર) નૂતન મંદિર આરતી ઉતારવા પધાર્યા.
નતૂન શ્રી સ્વામિનારાયણ મંદિર ઘોડાસર (મણીનગર)ના ખાતમૂહુર્ત પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળ વાડી અમદાવાદ પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ગુનમા (તા. માણસા) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ટીકર (મૂળી પ્રદેશ) પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં કથા પ્રસંગે યજમાન પરિવારને આશીર્વાદ આપવા પધાર્યા.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર નાના અંકેવાળિયા (મૂળી પ્રદેશ) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯ અધિક માસ નિમિત્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૨-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) શ્રી વૃંદાવન સેવા અમૃત મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭ એકાદશી પ્રસંગે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.

૩૧ અધિક માસ નિમિત્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૨૬)


૧ થી ૧૭ વિદેશ યાત્રા.

૧૯ અધિક માસ નિમિત્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૪ અધિક માસ નિમિત્તે અક્ષરભુવન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
અખંડ મહામંત્ર ધૂનમાં પધાર્યા - કાલુપુર મંદિર.

૨૭ એકાદશી - શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.

૩૧ અધિક માસ નિમિત્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.




શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી

અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભૂજ ૨૦૩ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૨૦-૦૪-૨૦૨૬ : આદરણીય સંતો, વ્હાલા હરિભક્તો, આજે આપણે બધા ભાગ્યશાળી છીએ કે આવતી કાલે સવારે નરનારાયણદેવનો પાટોત્સવ છે. એના દર્શનનો લાભ લેવો. ખાસ કરીને આ યજમાન પરિવારે, મને કીધું હતું કે પાટોત્સવમાં આવજો. હું ભૂલી ગયો હતો. બાય ડિફોલ્ટ આવવાનું જ હોય. મે તેઓને પૂછ્યું. તમે કેમ ક્યારે આવ્યા ? તો કહે, મારો જ પાટોત્સવ છે. ભાગ્યશાળી કહેવાય જેને આ નરનારાયણદેવના પાટોત્સવનો લાભ જડ્યો. **આજે બીજા બધા લાભ જડે પણ આ નરનારાયણદેવના પાટોત્સવનો લાભ જડે, ખાસ કરીને મહારાજે પ્રસ્થાપિત કરેલા નવ મંદિરમાંથી એ દેવના પાટોત્સવનો લાભ જડે ને તો એના માટે હું માનું છું કે એનાથી મોટો ભાગ્યશાળી કોઈ નથી.** વિશેષે કરીને એનાથી મોટી મોટી વસ્તુ એ છે કે આપણે નરનારાયણદેવના આશ્રિતા છીએ અને નરનારાયણદેવના પ્રાંગણમાં બેઠા છીએ. પ્રાંગણમાં બેસી ને નરનારાયણદેવના પાટોત્સવનો લાભ જડે છે. **આપણી જે સમૃદ્ધિ ગણો પછી એ માનસિક હોય, શારીરિક હોય કે આર્થિક જે પણ આપણી પ્રગતિ કે ઉન્નતિ છે એ બધી નરનારાયણદેવના હિસાબે છે. નરનારાયણદેવ આપણા માટે તપશ્ચર્યા કરે છે, તપશ્ચર્યા કરીને આપણને સુખી કર્યા છે.**



સવારે હું મેમકા હતો. જય સ્વામિનારાયણ દીકરા (અચાનક એક નાનો બાળક ચરણ સ્પર્શ કરીને પસાર થઈ ગયો એટલે) આ કણબીના છોરા હારા, ગમે ત્યારે ગમે ત્યાંથી નીકળે. હમણા જ વિચાર કરતો હતો. નારણદાસ જોડે વાત કરતો હતો કે આ હોર્મુજ ને ઈરાનને જે બધું ચાલી રહ્યું છે ત્યાં કણબીને મૂક્યા હોય તો બે દિવસમાં પુરું કરી નાખે. કોક આમ જતું રહે, કોક તેમ જતું રહે, છેક ક્યાંથી કાઢે એ જ નક્કી ના થાય. જુદું જ કાઢી નાખે પણ આજે તમારી ભાવના છે. હમણા સ્વામીએ શિબિરની વાત કરી. આજના સમયમાં માણસ પાસે અટેન્શન સ્પેન (ધ્યાન કેન્દ્રિત કરવાનો સમયગાળો) બહુ ઓછો છે. આમ તો અનાદિ કાળથી અટેન્શન સ્પેન ઓછો હતો. એટલા માટે તો સ્કૂલમાં ૩૫ મિનિટથી લઈને ૪૫ મિનિટનો પીરિયડ રાખવામાં આવે છે. પછી બ્રેક વાગે. તમે બધા ભણેલા છો એટલે જાણતા હશો. હું તો બહુ લાંબુ ભણ્યો નથી. વચ્ચેથી મૂકી દીધું. એમ થયું કે આપણું આ કામ નથી. આપણું જે કામ છે એ કરીએ એટલે પછી ગામડા ફરવાના ચાલુ કરી દીધા.

વાત એ હતી કે માણસનું અટેન્શન સ્પેન બહુ ઓછું છે અને જેમ સમય જાય છે. તેમ એ અટેન્શન ડાઈવર્જન્સ કરવા માટેના ઘણા બધા સાધનો થતા જાય છે. મેં અગાઉ ઘણી વાર કીધું છે તો મ પાહેલાના સામયમાં ઋષિમુનિઓ હતા એ એક જગ્યાએ બેસીને તપ કરતા હતા પછી એ

ગુફામાં બેઠા હોય કે જંગલમાં બેઠા હોય. એમની પાસે અલ્ટરનેટિવ (વૈકલ્પિક) દુનિયા નહોતી. વાય-ફાઈ, મોબાઈલ કે ટી.વી. નહોતા, Entertainment (મનોરંજન) નહોતુ, બીજું કંઈ કામ નહોતું, આટલું પોપ્યુલેશન (વસ્તી) નહોતું. આજે મોટામાં મોટી વસ્તુ એ છે કે દીકરા-દીકરીઓ, **તમે બધા હરિભક્તો આજના ૨૦૨૬ માં સમય કાઢીને અને ભગવાનનો તમારામાં ખપ છે, ભગવાનમાં નિષ્ઠા છે, એ વસ્તુનું પ્રત્યક્ષપણું જોવું હોય તો એ આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. ખાસ કરીને નરનારાયણદેવની ગાદીમાં તમે જુઓ, કોઈ લંડનથી પાછા આવે છે તો કોઈ કેન્યાથી** કે કોઈ ગામોથી, ગમે ત્યાંથી, ક્યાંથી ક્યાંથી, **હજુ બે વીક (અઠવાડિયું) થયા હોય અને પાછા આવી ગયા હોય !** મેં કીધુ આ કરે છે શું ? પણ **બહુ અઘરુ છે, કહેવું સહેલું છે.** આજના દિવસમાં નવરાશ તો છે નહી કોઈને પણ એમાંથી સમય કાઢીને આ ભગવાનની પ્રવૃત્તિ માટે થઈને જે કાર્ય થઈ રહ્યું છે એ અભિનંદનને પાત્ર છે.

હમણા સ્વામીએ મોમ્બાસા શિબિરની વાત કરી. શિબિરની જરૂરિયાત છે. ખાસ કરીને જે ઉભરતા દીકરા-દીકરીઓ છે એમના માટે. કારણ કે જૂની વયના જેટલા વડીલો છે, મેં જોયા છે. જ્યારે જૂના ગામડાઓમાં કથા વાર્તા થતી કે સવારે પ્રાતઃ કાળમાં કથા વાર્તા થતી હોય ત્યારે આમાંથી વડીલ સંતો બેઠા છે એ શિક્ષાપત્રી ભાષ્ય, વચનામૃત કે સત્સંગિજીવન વાંચે, શિક્ષાપત્રીનો શ્લોક વાંચે પછી પૂછે શું આવ્યું ? એટલે કોઈ ઉંઘતા નહોતા. હવે ઉંઘવાનું લીગલ થઈ ગયું છે. સારું છે આ ભૂંગળા વધારે અવાજ વાળા છે એટલે કોઈ ઉંઘી શકો તેમ નથી. પણ હકીકતની અંદર મેં સ્વામીને કહ્યું, **જ્યારે કથા વાર્તા થતી હોય ત્યારે એમાં ઈન્ટરેક્શન (પારસ્પરિક સંવાદ) હોય ને એ બહુ જરૂરી છે. આખું વચનામૃત તમે જુઓ, એમાં કન્વર્સેશન (સંવાદ) છે. વિચારોની આપલે છે. કોઈને પ્રશ્ન થાય અને કદાચ પ્રશ્ન ના થાય તો ભગવાને એને ચાવી ચડાવીને પ્રશ્ન ઉભો કર્યો છે. જ્યાં સુધી ઈન્ટરેક્શન બેઝ ન થાય, જ્યાં સુધી એમાં જિજ્ઞાસા વૃત્તિ, ક્યુરિયોસિટી (જિજ્ઞાસા) ના આવે ત્યાં સુધી ડેમનેસ (બંધિયારપણું) આવે પછી Follong the crowd (ટોળાને અનુસરો), ચાલે છે એવી રીતે જ ચાલ્યા કરે બીજું કંઈ નવું ન થાય પણ એ લેવલ જો ઉપર લઈ જવું હોય તો you have to be interact સમજવું પડે. પ્રશ્ન હોય, ઉત્તર હોય અને એ વસ્તુ આપણા કચ્છ ચોર્યાશીમાં બહુ વર્ષોથી ગૂંથાયેલું છે. પેઢી દર પેઢીથી ગૂંથાયેલું છે. એ સતત ચાલુ રહે એ બહુ જરૂરી છે.** જો એ ન હોય તો કેવું થાય ? કથા પૂરી થઈ, જમવાનું થયું, ઉભા થઈને ચાલતા થાય, અડધી સભા ઉભી થઈ, પહેરામણી થઈ, ભાગી ગયા. **કથા વાર્તા જરૂરી છે. કથા વાર્તા વિના રૂડા ગુણ આવતા નથી આ મહારાજે પોતે કીધું છે પણ ઈન્ટરેક્ટીવ દુનિયા જે છે એ સાચવવાની બહુ જરૂર છે.**

આજે મંદિરો નિત નવા થાય છે. હમણા બે પ્રતિષ્ઠા લખાવી છે. દહીંસરા ને માનકુવા. જો કે બન્ને ફરીથી બનાવ્યા છે આપણે, પુનઃનિર્માણ કર્યા છે. પણ આજે પરંપરામાં અમૂક વસ્તુ સાચવવાની બહુ જરૂરી છે. આ બહુ Seriously કહું છું. **હું પરંપરાનો હિમાયતી છું. જો પરંપરા ખોવાઈ ગઈ. જો સિધ્ધાંત ખોવાઈ ગયા તો then we could for nothing (પછી આપણે કશું કરી શકીએ નહી) આપણું કોઈ કામ નથી. પરંપરા અને સિધ્ધાંત રહેશે તો ભગવાન રહેશે. એ પરંપરા આપવા માટે આ શિબિરો હોય, કથા વાર્તા હોય કે ભગવાન સંબંધી કોઈ પણ કાર્ય હોય એ થઈ રહ્યું છે.**

ખૂબ પ્રેમથી બધા દર્શન કરવા આવજો. **આ નરનારાયણદેવ આપણને મળ્યા છે. આ આપણા નરનારાયણદેવ છે. એક ગાંઠ બાંધીને રાખવી. આમ વાત કરવી બહુ સિમ્પલ છે. આ નરનારાયણદેવ કોના છે ? આપણે કોના છીએ ? નરનારાયણદેવના ? મેં પૂછ્યું, તમે જવાબ આપ્યો, નરનારાયણદેવના. આ કહેવું કેટલુ સહેલું છે ? આપણે માનવું સહેલુ છે, પણ જાણવું બહુ અઘરુ છે. માની લેવાય પણ જે દિવસે જણાય..... મુક્તાનંદ સ્વામીએ કહ્યું ને કે, રે બ્રહ્માંથી કીટ લગી જોયું જૂહું સુખ જાણીને વગોવ્યું. માનીને નહી, જાણીને વગોવ્યું, અનુભવથી મનાય છે. જાણવામાં અને માનવામાં ફેર છે. માનીને પછી આપણે એ જાણવાનું છે. નિત્ય પ્રત્યે એનો મહિમા વધતો રહે, આપણે કોના દીકરા છીએ ? નરનારાયણદેવના છીએ એટલું જાણપણું સતત રહે, એનો ખટકો સતત રહે, એનું પ્રત્યક્ષપણું સતત રહે એના માટેના આ ઉત્સવો છે. એના માટે આ દાખડો છે.**

આ મહંત સ્વામી આટલી ઉંમરે અહીં આવ્યા છે. બે દિવસ પહેલા પડી ગયા હતા, હું રૂમમાં ગયો હતો. પણ એમનો ખટકો, પ્રેમ, લાગણી ને ઉત્સાહ એવા ને એવા છે. ફેર પડતો નથી. તમે ભાગ્યશાળી છો કે આવા વડીલ સંતો ખટકો રાખીને આ બધું કાર્ય કરે છે એટલે ભૂજનો સત્સંગ સચવાઈને રહ્યો છે.

અને એ સાચવીને રાખવાની જવાબદારી આપણી બને છે કારણ કે **આપણે દેવના છીએ એટલે ખટકો વિશેષ રાખવાનો છે. ક્યાંય વિંઝાઈ (લાગણીઓમાં વહી જવું) ન જઈએ કે ખોવાઈ ના જઈએ કારણ કે દુનિયામાં બધા તાક મારીને બેઠા છે ! આમ વાંહો થાબડી દેશે અને ચેક લઈ જશે અને એ ભેગા તમે પણ જતા રહેશો. ખોવાઈ જશો, આ જ થવાનું છે. દુનિયામાં આવું જ બધું ચાલે છે. ખૂબ માર્કેટીંગ ચાલે છે. રિલીજિયનનું Commercialization (ધર્મનું વેપારીકરણ) એટલું થઈ ગયું છે કે લોકોને આજે તકલીફ છે કે ક્યાં જવું ને ક્યાં ન જવું ? પણ આપણને મળ્યું છે એ સચવાઈને રહે, સાચવવાનું દાયિત્વ છે એ બહુ મોટી વસ્તુ છે.** તમે તો અનુભવ કર્યો છે.

હવે તમારે લાડવા ખાવાનો ટાઈમ થયો છે કે ખીચડી ખાવાનો ટાઈમ ? દેવપ્રકાશ સ્વામી ને અમારા આ રસોડાવાળા ડાયાબિટીસના લાડુ બનાવે છે, હે ને ? ગોળના લાડુ, ગોળમાં સુક્રોઝ આવતા જ નહી હોય ! મને એક દિવસ સમજણ પાડતા હતા કે આ લાડુ સારા, ડાયાબિટીસવાળા જમે એવા બનાવ્યા છે. મેં કીધું. લાડુ ને પાછા સારા ? ડાયાબિટિસવાળા ને ? આ કેવુ ? જાદુ ભાઈ ! ઉઠા ભણાવવાની વાત છે ને ? જાદુ મારો દોસ્તાર છે એટલે પૃચ્છા કરાય ને ? આજુ બાજુમાં એમના વડીલો બેઠા છે.

End of the day આપણને આટલું બધુ મળ્યુ છે. એ ભગવાનની દયાથી મળ્યું છે. યુવાન સંતોથી લઈ વડીલ સંતો આટલું બધું ધ્યાન રાખે છે. **ખૂબ સરસ સત્સંગ છે. ક્યાંય ઉણપ નથી. ઉણપ દેખાતી હોય તો એ આપણી ઉણપ છે.** હું આવ્યો ત્યારે થાકીને આવ્યો હતો એટલે ગાડીમાં ક્યારેક કંટાળો પણ આવે પણ ગાડીમાંથી નીચે ઉતરીને દેવના દર્શન કરીએ, તમને બધાને જોઈએ, મળીએ, સ્માઈલ કરીએ એટલે જેવા હોઈએ એવા ફ્રેશ થઈ જઈએ, પહેલાથી પણ સારા થઈ જઈએ. એટલે એ વાતાવરણથી ફેર પડે છે. એટલે જ **મહારાજે કહ્યું છે કે સત્સંગના ભીડામાં રહેવું. આ બહું પ્રેકટીકલ વસ્તુ છે. હું તો રોજ અનુભવ કરીને કહું છું.** હું કથા કરવા નથી બેઠો, મને ભાષણ આવડતું નથી. મોટા બાપજીએ ઘણીવાર કીધું કે નોટ લખવાનું રાખો. મેં કીધુ, મને એ આવડતું જ નથી. જરૂરી હતું એટલું ભણ્યો, આગળ કોઈ ઈચ્છા રહી નથી. વસ્તુએ છે કે તમારા મોઢા જોઈને ભગવાન જે સુઝાડે તે વાત કરીએ છીએ પણ **ભગવાનની વાત કરવાની છે. ભગવાનનું પ્રાધાન્યપણું સચવાય એટલું કાર્ય કરવાનું છે.**

અમારો આ વરસાણી પરિવાર જૂનો જોગી છે. આ બધી ગેંગને ચડ્ડી પહેરતા ત્યારના ઓળખીએ છીએ. ફરવા ગયા હતા ટેકરામાં ક્યાંક ગાડી લઈને, હરિશ ટેકરાથી ખાડા દેખાડતો હતો. કેટલા વરસ થયા ? ૩૫-૪૦ વર્ષ થઈ ગયા નહીં ? ગીઢા થઈ ગયા આપણે હવે પણ આનંદ છે કે ભગવાનનો લાભ લીધો. ખાસ કરીને હું આ પરિવારને થેન્ક્યુ કહું કે મને ભગવાનનો સ્પર્શ કરવાનો લાભ મળે છે. **આ તો મોટા ભાગ્ય કહેવાય કે ભગવાને પ્રસ્થાપિત કરેલ મૂર્તિનો સ્પર્શ થાય એ તો બહુ મોટી વાત છે.** આપ સૌને અનેકાનેક ધન્યવાદ, આપ સૌના ઉપર ભગવાન ખૂબ રૂડા આશીર્વાદ પાઠવે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મંદિર, મેઘપર (કચ્છ) ૧૫ મો વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૧૮-૦૪-૨૦૨૬ : આદરણીય સંતો, વ્હાલા હરિભક્તો, દરેકને જય સ્વામિનારાયણ. હમણા આવતા હતા, ઘણી મોટી શોભાયાત્રા હતી. ગામો ગામના હરિભક્તો આનંદથી આવતા હતા. કુલ્ફીને સરબતની વ્યવસ્થા બધી જોર હતી. આજે હમણા સ્વામીએ સરસ વાત કરી કે એક વ્યક્તિને સંતના દર્શન થયા ને એ સંત જમીનથી ઉપર ચાલતા હતા. ઉપર કેમ ચાલતા થા ? કેમ ચાલતા થા ? બોલો કેમ કે એને ભગવાન મળ્યા થા એટલે. **ભગવાન મળ્યા હોય એ માણસ ઓટોમેટીક જમીનથી ઉપર ચાલે છે. છળી નથી જતો. બે વસ્તુમાં ભેદ છે. અને એ પ્રાકૃતિક લાક્ષણિકતા છે કે જેટલો માણસ ઉપર જાય એટલો નમ્ર થાય એ એક મોટી વાત છે. નહી તો આજ કાલ જગતમાં એવું છે કે બહુ ઉપર જાય એ પછી હેઠા ઉતરી ના શકે.**

બીજી સરસ વાત કરી દેવચરણ સ્વામીએ કે ભૂમિ કુપોષિત થઈ છે હવે આમા તો **અત્યારે ઈન્દ્રિયોના આહાર જ બધા ચારે બાજુ કુપોષિત થઈ ગયા છે એટલે શું કરીએ ? નાક, કાન, આંખ, જોવાનું છે, હાંભળવાનું છે બધામાં ગળણા બાંધવા પડે એમ છે હવે.** મોબાઈલ હોય, આઈપેડ હોય, ટેલિવિઝન હોય એટલે દેવચરણ સ્વામી, પોષણ આપવાની જવાબદારી આપણી હવે વધી જાય છે અને મૂળ ધંધો તો આપણો એ જ છે.

આ તો વાતમાંથી વાત નીકળી, પણ હકીકત છે કે **આજે જ્યારે લખવું પડે છે કે ચોખ્ખું ઘી, ચોખ્ખું GMO (Genetically Modified Organism), નેચરલી Ingredient (વાનગી બનાવવા માટેની સામગ્રી) ત્યારે વિચાર કરી લેવાનો કે આપણી દશા શું છે ?** ગઈ કાલે રસ્તામાં પેટ્રોલ પંપ પર ઉભા હતા તો **Free Air** મફત હવા એવું લખ્યું હતું એટલે વિચાર આવ્યો કે **મફત પાણી તો જડતુ**


નથી, હવે મફત હવા નહી જડે એવા દિવસો આવશે અને એ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે હો. સત્સંગિજીવન વાંચો, એમાં છેલ્લે જે કળિયુગના ધર્મોની વાતો આવે છે એ વાંચો. ચારે બાજુનું નંદ સંતોએ લખેલું છે એ પ્રત્યક્ષ આજે દેખાય છે કે એક જમાનામાં તમે કલ્પના ના કરી શકો કે પાણીના તમારે પૈસા આપવા પડશે. વિચાર કરો, અહીં જેટલા વડીલો બેઠા છે, વાલજી કરશન બેઠા છે ને બીજા ઘણાં દેખાય છે અને હારું છે કે જવાનીયા ઘણા વધી પડ્યા છે. બહારથી આવ્યા છે આ બધા, કેન્યાવાળા છે, કંપાલા વાળા છે પણ આપણે વિચાર કરીએ, ભગવદ્ સ્વામી ! એવો વિચાર આવ્યો હતો કે એક જમાનામાં પાણીના પૈસા આપવા પડશે ! અને આજે મફત જડે નહી. **બાટલીમાંથી પાણી ગાળવું પડે, ગરણાથી ગાળવું પડે, તકલીફ તો છે જ.** આજથી ૨૦ - ૨૫ કે ૫૦ વર્ષો પહેલા જે વાતની કલ્પના નહોતી, આ તો ક્યાં લાંબા ગાળાની વાતો છે ? આ કંઈ ૧૦૦૦ વર્ષ પહેલાની વાત નથી. આટલા અંતરમાં જો આ થતું હોય તો **વિચાર કરવાની વસ્તુ છે કે જેટલી આપણી ધરોહર જળવાઈ રહે એ બહુ જરૂરી છે. નહી તો કુપોષણ તો ચારેબાજુ દેખાય જ છે. એકેય બાજુ બાકી છે નહી. અને એવું નથી કે આજે હળાહળ કળિયુગ છે. આ વસ્તુ પહેલાય હતી અને આજેય છે. વસ્તુ માત્રામાં ભેદ એટલો પડ્યો છે કે માણસની જોવાની દ્રષ્ટિમાં ફેર પડ્યો છે, સહન શક્તિમાં ફેર પડ્યો છે. આજથી ૨૦-૩૦ કે ૫૦ વર્ષ પહેલા માણસનો જે દ્રષ્ટિકોણ હતો એ આજની દ્રષ્ટિકોણથી જુદો હતો. આજે સહન શક્તિ ઓછી થઈ છે.**

મહારાજે કહ્યું છે કે શાસ્ત્રો વડે, કથા વાર્તાએ કરીને અને સત્સંગમાં રહ્યાથી પોષણ થશે. અને મેઘપરમાં તો બાજુ બાજુમાં મંદિરો છે. ભાઈઓનું, બહેનોનું, ઠાકર મંદિર છે. મેઘપર ગામ આમ મોટું નથી પણ બહુ મોટુ છે. જગતમાં વિસ્તાર થયેલો છે એટલે. **વસ્તુ એ છે કે જેટલું સાચવીને રાખીએ, આપણી ધરોહર, આપણી પરંપરા અને આપણા સિધ્ધાંતો સાચવીને રાખીએ એટલા સુખી થઈશું.**

આનંદની વાત છે કે તમે દૂર દેશથી આવ્યા છો અને આવો ગરમીનો સમય છે. એટલે રસ્તામાં મેં કીધુ હતું કે થોડાક પાટોત્સવ ફેરફાર કરીને ડિસેમ્બરમાં દિવાળી પછી લઈ જાવ. તાળી પાડી લો બધાએ. ટ્રસ્ટી સાહેબ તમે ધ્યાન પર લેજો. અમારા સંતોને કહીએ કે તમે પણ ધ્યાન પર લેજો. આ ફેરફારની જરૂર છે. કેમ કે બિચારા હરિભક્તોને સગવડ પડે. મૂકીને આવવું ન પડે, ખરું ને ? રજા હોય તો છોકરા છૈયા આવી શકે અને અમારેય હારું પડે. અડધું અડધું થઈ જાય, બે ભાગમાં, હું એટલું માનું છું કે, શિખરબધ્ધ મંદિર હોય, મહારાજે આજ્ઞા કરી હોય એવા જૂના મોટા મંદિરો હોય એના પાટોત્સવમાં ફેરફાર ના કરવા જોઈએ, એમાં આઘું પાછું ના થાય. બાકી હું તો માનું છું, **જે દિવસે મંદિરના પગથિયા ચડ્યા એ દિવસે પૂનમ છે.** આપણા મનની દશા કેવી છે ? **જે દિવસે ઈચ્છા થાય કે મંદિરે જઈએ, દર્શન કરીએ તો સમજવું કે પૂનમ છે અને એમ થાય કે જવા દોને આજે કંઈ જવું નથી મંદિરે તો એ દિવસે સમજવું કે અમાસ આવી ગઈ. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર અને કળિયુગ એ અહીં (મગજમાં) જ બેઠેલા છે, બહાર ક્યાંય નથી, આ મહારાજે પણ કીધું છે.**

પણ આજે આનંદ થયો. મેઘપરના દરેક સંતો અને હરિભક્તોએ ભેગા મળીને આવું સરસ આયોજન કર્યું. આજુ બાજુના દરેક ગામના હરિભક્તો દેખાય છે અને ઓલ્યો બ્રીજ જોરદાર બનાવ્યો છે. હાચવીને હાલવું પડે એવું છે. વડીલ હોય એને હાથ દઈને હલાવજો, બાપા ! નહીં તો લપી જાય તો તકલીફ પડે, પણ મઝા આવી. હું તો દૂરથી જોઈને ખાલી કહેતો હતો કે લક્ષ્મણ ઝૂલા જેવું લાગે છે અને હકીકતમાં ઉપર ગયો તો આમ હલ્યુ અને એમાં એક કો'ક ઉપર ઉભો રહીને જાણી જોઈને હલાવતો હતો. મને પાડવાનો પ્રયત્ન કરતો હોય એમ ! પણ હું પડું એવો નથી. અમનેય ભગવાન મળ્યા છે તો અમેય ઉપર હાલીએ ને ! આ તો લાઈટ મૂડની વાત છે પણ **ભગવાન જેવો ભગવાન મળ્યો છે એ માણસ સુરક્ષિત રહે છે. સ્વામીએ વાત કરી કે આપણે સુખી છીએ કારણ કે આપણને ભગવાન મળ્યા છે. બીજી બધી વસ્તુ બાજુમાં મૂકતા ભગવાનનું પ્રાધાન્યપણું આપણા જીવનમાં હર હંમેશ રહે એવું કેન્દ્ર સ્થાને રાખવું.**

સરસ ઉત્સવ થયો, સરસ જગન થયો. આનંદ થયો કે કંપાલા, યુગાન્ડા, કેન્યા, ઓસ્ટ્રેલીયાથી, યુ.કે.થી તેમજ આજુ બાજુના ગામના બધા હરિભક્તો અહીંયા આપણા ગામની અંદર, આપણા જગનની અંદર આવ્યા છે. ઉપમહંત સ્વામીએ કહ્યું એમ એક બીજાની સાથે ભેગા રહી ગામની ઉન્નતિ - પ્રગતિ થાય અને **ખાસ કરીને ઈચ્છા રાખું કે આપણી અંદર સ્વભાવ પ્રકૃતિના નાના મોટા દોષ હોય એ ટાળવાનો પ્રયત્ન કરીએ અને મહારાજ આપણને સૌને એ માટે બળ આપે.** સંસ્કાર રાખજો, ભગવાન રાખજો, અનેકાનેક ધન્યવાદ, મહારાજ આપ સૌનું ખૂબ રૂડું કરે, મંગળ કરે એજ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.



લુણાવાડાના લક્ષ્મીદાસ જાની છપૈયાપુરની યાત્રા કરવા ગયા હતા, ત્યાં નારાયણસરોવરમાં સ્નાન કરી પ્રેમભર્યા મંદિરમાં આવ્યા. ઘનશ્યામ મહારાજના દર્શન કરી ત્રણે મંદિરમાં દીવાઓમાં ઘી પુરાવી-પ્રગટાવીને દંડવત પ્રણામ કર્યા અને મહારાજ સન્મુખ હાથ જોડીને બોલ્યા કે હે મહારાજ ! તમારે જે વસ્તુ વ્હાલી હોય તે કહો તો મારે તેનો થાળ કરવો છે. લક્ષ્મીદાસ જાની આવો સંકલ્પ કરીને શ્રીહરિની મૂર્તિ સામે ઉભા રહ્યા છે. થોડી ક્ષણો પસાર થઈ કે તેમણે જોયું તો ઘનશ્યામ મહારાજની મૂર્તિના હોઠ હાલતા લાગ્યા. જાનીએ આંખો અને કાનને સતેજ કર્યા. ત્યાં ચમત્કારિક રીતે મૂર્તિ વાટે મહારાજ બોલ્યા કે 'બિરંજપુરી અને દહીવડાં ઉપર આજે અમારે રૂચિ છે એટલે એનો થાળ કરાવો.'

આ જોઈ જાણી લક્ષ્મીદાસ જાનીના આનંદનો તો પાર ન રહ્યો. પોતાના ઉપર સાક્ષાત્ ભગવાનની પ્રીતિ છે એવું જાણીને કયા મનુષ્યને આનંદ ન થાય ? એ તો તરત હાલ્યા કોઠારે. અતિશય રાજી થઈને તેમણે સાકરનો બિરંજ, દહીવડાં વગેરેનો થાળ કરી પ્રેમપૂર્વક પ્રભુને જમાડ્યા. એ પછી ધમકુળ સહિત સર્વે સંતજનોને જમાડી તેમની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યા. તેમને દંડવત કરી પગે લાગીને રામશરણજીને કહ્યું કે 'દાદા ! બાલપણમાં જ્યાં જ્યાં ઘનશ્યામ મહારાજ વિચર્યા હોય ને બાલ ચરિત્ર કર્યા હોય તે સર્વ સ્થાનના દર્શન કરવાની મારી ઈચ્છા છે તો કૃપા કરીને તમે મારી સાથે આવો તો ઠીક રહે.

રામશરણજીએ હા કહી એટલે બંને જણ શ્રીહરિની બાલ લીલાના દર્શન કરવા નીકળ્યા.

નારાયણસરોવર વગેરે સ્થળો અને જ્યાં પ્રભુ વૃક્ષ ઉપર આંબલી પીપળી વગેરે અનેક રમતો રમતા હતા તે સ્થાનોના દર્શન રામશરણજીએ લક્ષ્મીદાસ જાનીને કરાવ્યા. ફરતા ફરતા બંને ઉતરાદા કાંઠા ઉપર થઈને ભૂતિયા કૂવા ઉપર અને ત્યાંથી ગામ પીરોજપુર આવ્યા ત્યાં જાંબુડી સહિત ઓટાના દર્શન કરીને ગામ લોહગંજરીમાં જંગલીનાથ મહાદેવના દર્શન કર્યા. ત્યાંથી ગૌઘાટ ગયા. વિશ્વામિત્રી નદીના ઘાટ ઉપર બાલ લીલાની વાતો રામશરણજીએ લક્ષ્મીદાસને કહી સંભળાવી.

આ વાતો સાંભળતાં સાંભળતાં જાનીને થયું કે એ વખતે તો ઘનશ્યામ મહારાજ ખૂબજ નાના બાળક હતા અને આ ગૌઘાટ તો છપૈયાપુરથી ઘણો આઘો છે, તે આવા ઘોર વનમાં થઈને આટલે આઘે સુધી ગાયો ચરાવવા કેવી રીતે આવી શકયા હશે ?

આ રીતે વિચારતાં વિચારતા લક્ષ્મીદાસ જાની નાવા માટે વિશ્વામિત્રના જળમાં ઉતર્યા. નદીમાં એમણે ડૂબકી મારી તો એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે જોયું કે બાલ સ્વરૂપે ઘનશ્યામ મહારાજ વેણી માધવ અને પ્રાગ વગેરે સખાઓ સાથે ગોમતી વગેરે ગાયોને હાથમાં સોટી લઈને ચરાવી રહ્યા છે. જળની અંદર આવી ક્રિડા જોઈને લક્ષ્મીદાસ જાનીના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો.

ન્હાઈને બહાર નીકળ્યા એટલે એમણે રામશરણજીને આ વાત કરી.

'તમારો આવો સંકલ્પ જાણીને ઘનશ્યામ મહારાજે તમને આ વાતની પ્રતિતી કરાવવા આ દર્શન આપ્યા જણાય છે. વાત સાંભળીને રામશરણજીએ કહ્યું.

'આવડો સંકલ્પ કેવી રીતે ?' લક્ષ્મીદાસે અજાણ હોવાનો દેખાવ કરીને પૂછ્યું.

'નક્કી તમને એવું થયું છે, કે છપૈયાપુરથી આટલે દૂર આવા ઘોર જંગલમાં થઈને અહીં સુધી મહારાજ અને ગાયો શી રીતે આવતા હશે !' રામશરણજી અંતર્યામીપણે જાણી ગયા હોય એ રીતે બોલ્યા.

લક્ષ્મીદાસ જાનીએ પોતાના મનમાં આવેલા વિચારની વાત આ સાંભળીને તરત કહી દીધી.

(અવધ દિગ્વિજયમાંથી સાભાર)

શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી મે-૨૬

તા. ૧૦-૦૫-૨૦૨૬	પ.ભ.શ્રી ધીરૂભાઈ જેરામભાઈ સોરઠીયા - બાપુનગર
તા. ૧૭-૦૫-૨૦૨૬	(સવારે) શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું દરબારગઢ - મોરબી - પ્રે. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા
તા. ૧૭-૦૫-૨૦૨૬	(સાંજે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - સાબરમતી.
તા. ૨૦-૦૫-૨૦૨૬	પ.ભ.શ્રી પરેશકુમાર વિનોદભાઈ પટેલ - ઘાટલોડીયા - હ. વિનોદભાઈ ટેક્ષીવાળા.
તા. ૨૨-૦૫-૨૦૨૬	શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાલુપુર હવેલી.
તા. ૨૩-૦૫-૨૦૨૬	શ્રી ભક્તિ યુવતી મંડળ - સ્વામિનારાયણ મંદિર નવા વાડજ.
તા. ૨૪-૦૫-૨૦૨૬	શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - ન્યુ રાણીપ.
તા. ૨૯-૦૫-૨૦૨૬	સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા.
તા. ૩૧-૦૫-૨૦૨૬	(સવારે) સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (નિલકંઠ મહાદેવ)
તા. ૩૧-૦૫-૨૦૨૬	(૧૧ વાગે) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ લુણાવાડા
તા. ૩૧-૦૫-૨૦૨૬	(સાંજે) ગં.સ્વ. ધર્મિષ્ઠાબેન ચીમનલાલ પટેલ - કોબા - હ. દિપકકુમાર પટેલ - કોબા

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "ખરાબ સ્વભાવ ઉપર શત્રુપણું રાખવું"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ઉપવાસ એટલે શું ? શરીરને ખોરાક નહિ આપવાનો, પણ આપણે શું થાય છે ? ઉપવાસના આગલા દિવસથી જ ખાવાના વિચાર મનમાં આવી જ જાય છે. ખાવાના વિચારો ના આવે તેવું ઉપવાસના દિવસે ખાસ ધ્યાન રાખવાનું, બીજું ઈન્દ્રિયોને ખોરાક નહિ આપવાનો તેને સાચા અર્થમાં ઉપવાસ કહેવાય છે. મનને ગમે તેવો બધો ખોરાક શરીરને આપીએ નિયમમાં ના રહીએ તો શરીર બિમાર પડી જાય છે. એવી રીતે ઈન્દ્રિયોને મનફાવે તેમ ખોરાક આપીએ તો ઈન્દ્રિયો બગડી જાય છે. **ઈન્દ્રિયો બગડી જાય તો આપણું કલ્યાણનું કામ અટકી જાય છે.** એવી રીતે અહંકારથી પણ બચવાનું છે. આપણે જે કામ કરીએ તે બધુ કામ સારી રીતે થઈ જાય એટલે અહંકાર આવી જાય છે. બીજા નથી કરી શકતા એ હું કરી શકુ છું એવી ભાવના પણ ના આવવી જોઈએ. માણસને જ્ઞાન વધી જાય તો પણ અહંકાર આવી જાય છે. કોઈ જાણી જોઈને અહંકાર નથી કરતું પણ સ્હેજે સ્હેજે આવી જાય છે. જે લોકો તપસ્વી હોય, ઋષિમુનિઓ હોય, સાધુ સંતો હોય એમને અહંકારનું જ્ઞાન હોય છે. અર્થાત્ અહંકાર કરવાથી જીવનમાં શું કઠિનાઈ આવે છે. મોક્ષમાર્ગમાં અહંકાર કેવી રીતે અવરોધરૂપ થાય છે. એ બધી સમજ હોય છે. આપણે ભજન-ભક્તિ બધુ કરીએ પણ આપણી અંદર રહેલો ખરાબ સ્વભાવ ટાળવાનો પ્રયત્ન ના કરીએ તો બધુ વ્યર્થ જાય છે.

ગ.મ.પ્ર. ના ૧૫ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે સ્વભાવ વિષે કીધું છે. શ્રીજી મહારાજે સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, "ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ, એવો તે કયો વિચાર છે ? તે જેને જેમ સમજાતુ હોય તે તેમ કહો. પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું, પણ યથાર્થ કોઈથી કહેવાયુ નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા, જે 'લ્યો અમે કહીએ જે, જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે તેનો જેમ અતિશે અભાવ આવે છે, અને જે ઉપાયે કરીને તેનું ભુંડું થાય તે ઉપાય કરાય છે. અથવા કોઈક બીજો તે શત્રુનું ભુંડું કરે તો પણ અતિશે રાજી થવાય છે.' તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જે કામક્રોધાદિક માંહેલો શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ **એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુ માત્રને ટાળે.** અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તેને તે સાધુનો અભાવ આવે નહિ. સામો તે સાધુનો અતિશે ગુણ લે અને એમ જાણે જે, 'આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે. માટે મારા પરમ હેતુ છે.' **આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુ માત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવુ એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે."**

અહિંયા ઉપર મહારાજે વચનામૃતમાં સ્વભાવ વિષે કહ્યું છે કે **પોતાના ખરાબ સ્વભાવને ટાળવાનો પ્રયત્ન કરવાનો એક વિચાર એવો છે કે જેનાથી આપણો ખરાબ સ્વભાવ પ્રયત્ન કરીએ તો ટળી શકે છે એ છે 'શત્રુભાવ' વૈરબુદ્ધિ રાખવાની કોની સાથે? આપણા ખરાબ સ્વભાવ સાથે.** જેવી રીતે સામાન્ય જગતમાં આપણા એવા શત્રુ હોય કે આપણને દરેક કામમાં અવરોધરૂપ હોય, આપણી પ્રગતિને અટકાવતા હોય, આપણું અહિત ઈચ્છતા હોય, એવા ઉપર સ્વતઃ વૈરબુધ્ધિ આવી જ જાય છે અને એમનું કાંઈક ખરાબ બોલે તો દુઃખ નથી થતુ બીજા એવા શત્રુને ગાળો દે તો એવુ લાગે કે સારુ થયુ એ એને લાયક જ છે. એવી રીતે આપણો મોક્ષને અર્થે પ્રયત્ન કરતા હોય તેમાં જે કામ, ક્રોધ, મોહરૂપી શત્રુ વિઘ્ન કરે, તો તેની ઉપર પણ તેવી જ વૈરબુધ્ધિ રાખવાની અને કોઈપણ જ્યારે તમારો ખરાબ સ્વભાવ ઓળખીને તમારા સ્વભાવ ઉપર તમને કાંઈ ટકોર કરે, ત્યારે તેનો અભાવ નહિ લેવાનો વિચારવાનું કે **આ તો શત્રુરૂપી મારો જે સ્વભાવ છે તેને ટકોર કરે છે. ખરાબ સ્વભાવ છે તેનાથી મારી રક્ષા કરવા માગે છે એમ વિચાર રાખીએ તો આપણો ખરાબ સ્વભાવ ટળી શકે છે.** ખરાબ સ્વભાવ છે તે આપણી પ્રગતિને અટકાવે છે તેને ટાળવા માટે પ્રયત્ન કરવો જ પડે તેના સિવાય

છૂટકો જ નથી. એના માટે શું કરવાનું ? સૌથી પહેલા તો આપને આપણામાં રહેલો દોષ ઓળખાવા જોઈએ. એ પ્રથમ પગથિયું છે.

'દોષ ઓળખાય તો જાય' (૧) પોતાની અંદર જે દોષ છે તેને ઓળખવાનો (ઓળખાઈ જાય પછી)

(૨) પોતાની અંદર રહેલો દોષ મોક્ષમાર્ગમાં કઈ રીતે બાધક છે તે વિચારીને પોતાની જાતને બતાવવાનું.

(૩) જ્યારે જ્યારે દોષ દેખાય ત્યારે હૃદયથી પસ્તાવો લેવાનો એ ફરીથી આવુ નહિ કરુ એવો દૃઢ નિર્ણય કરવાનો.

(૪) કોઈ આપણો દોષ બતાવે ત્યારે રક્ષણ નહિ કરવાનું (પોતાની જાતનું ઉપરાણું નહિ લેવાનું)

આવો પ્રયત્ન એક પછી એક (વારા ફરતી) આપણી અંદર જેટલા દોષ દેખાય તેના માટે અવશ્ય કરવાનો.

પોતાના દોષ જોવાથી કર્મમાંથી છૂટાય છે. પોતાના દોષ દેખાય ત્યારે સમજવું કે આપણે જાગૃત થયા છીએ મોક્ષને માટે લાયક થયા છીએ. **પ્રકૃતિ (સ્વભાવ) જીતાશે પછી જ મોક્ષ તરફ સાચું પ્રયાણ થશે.** સામાન્ય જગતમાં જોઈએ તો કોઈને પોતાના દોષ દેખાતા જ નથી. અને કોઈ દોષ બતાવે તો તરત પોતાની જાતનું ઉપરાણું લેશે. આપણે એવું નહિ કરવાનું. મહારાજે વચનામૃતમાં બતાવ્યું તેમ પોતાના ખરાબ સ્વભાવ ઉપર વૈરબુધ્ધિ રાખવાની, નિષ્કામભાવથી જીવનમાં શુધ્ધ રહેવાનું, શક્ય હોય એટલો સમર્પણ ભાવ રાખવાનો, અડગ શ્રધ્ધા રાખવાની, ભગવાન ઓળખાય તેવા પ્રયત્નો કરતા રહેવાનું. આ જગત માયારૂપી છે એટલે માયા તો નડવાની જ છે. આપણે બધા ગૃહસ્થ છીએ એટલે માયાથી બહુ સાવચેત રહેવાનું, કોઈ જાણી જોઈને નથી કરતું પણ માયારૂપી જગતમાં ફસાઈ જવાય છે. માટે સતત જાગૃતિ રાખવાની. નટ દોરડા ઉપર ચાલે છે તો કેવી સાવચેતી રાખે છે. વધારે જમણી બાજુ પણ નહિ અને વધારે ડાબી બાજુ પણ નહિ, દોરડા ઉપર વચ્ચે ચાલે છે અને પોતાની જાત ઉપર સંતુલન રાખે છે. નજર માત્ર લક્ષ્ય ઉપર હોય છે. ખબર છે કે વધારે જમણી બાજુ નમશે તો પડશે અને વધારે ડાબી બાજુ જશે તો પણ પડશે. બરાબર બેલેન્સ રાખીને ચાલે છે. એવી રીતે **આપણે આપણી નજર આપણા લક્ષ્ય ઉપર રાખવાની. આપણું 'કલ્યાણ' બગડે નહિ તેનું ધ્યાન રાખવાનુ અને જગતથી બહુ 'વિરક્ત' પણ નહિ થવાનુ અને જગતમાં બહુ 'આસક્ત' પણ નહિ થવાનું.** બહુ વિરકત થઈ જઈએ અને સંસાર-વ્યવહારમાં ધ્યાન ના આપીએ તો છોકરા રખડી પડે. આપણી જવાબદારી છે. ફરજનું પાલન કરવું પડે. એમ બન્ને બાજું બેલેન્સ રાખવાનું, પણ આપણે શું કરી એ છીએ. જગત મીઠું લાગે છે. કીડીની જેમ એટલે જગતમાં વધારે આસક્ત રહીએ છીએ. કીડીઓ શું કરે છે ? ખાંડના ડબામાં પેસી જાય છે. પછી આપણે ઉતારવા જઈએ એના સારા માટે એને બહાર કાઢીએ તો પણ એને ગમતું નથી પછી તડકામાં મુકીએ એટલે ઉતરી જાય છે. કહેવાનો અર્થ છે કે આપણને 'કીડી' જેવુ છે. કીડી જેમ ખાંડના ડબામાંથી નીકળવા નથી માગતી, એમ આપણને પણ કોઈ મોટા સંતો કે કોઈ સત્સંગી જગતમાંથી કાઢવા માટે પ્રયત્ન કરે તો જગતરૂપી ખાંડના ડબામાંથી નીકળવુ ગમતું નથી. જીવનની હાલત પણ ડબામાં ભરાયેલી કીડી જેવી છે. પછી જ્યારે ભગવાનની કૃપાથી જ્ઞાનરૂપી તડકો મળે છે. ભક્તિ અને જ્ઞાનનો તાપ લાગે ત્યાર પછી લાગે છે કે આમાંથી નીકળવુ છે. **મહારાજને પ્રાર્થના કરીએ દર્શન કરીને માગીએ કે દયા કરો કે મારા ખરાબ સ્વભાવને હું ઓળખી શકું, તેને કાઢવાનો પ્રયત્ન કરી શકું. તેના ઉપર શત્રુભાવ રાખી શકું એવી શક્તિ મને આપજો. એમા મારી સહાય કરજો મારી સાથે રહેજો.** એવી પ્રાર્થના માત્ર કરવા માટે જ નથી કરવાની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાની છે. એવા સમર્પિત થઈ જાવ કે તમારી કોઈ સ્વતંત્ર સત્તા જ ન રહે. નરનારાયણદેવને એ જ પ્રાર્થના કરીએ કે સદાય સાથે રહેજો.

●

પરોપકાર

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

રોજબરોજ વ્યવહારમાં વપરાતો પરોપકાર શબ્દ વિચારવા જેવો છે. પરોપકાર એટલે કોઈપણ પ્રકારના બદલાની અપેક્ષા રાખ્યા વગર બીજા ઉપર કરવામાં આવતો ઉપકાર. પિતા પોતાના પુત્રને ભણાવે તો તે ફરજ છે. પણ પરોપકાર નથી. પરંતુ જો તે કોઈ એક નિરાધાર ગરીબ બાળકને કોઈપણ પ્રકારના બદલાની અપેક્ષા રાખ્યા વિના ભણાવે તો એ પરોપકાર છે. પરોપકાર એ સજ્જનોનું આભૂષણ છે.

ધર્મશાસ્ત્રોમાં પરોપકારનું ઘણું માહાત્મ્ય બતાવેલ છે. પરોપકાર સમાન કોઈ બીજો ધર્મ નથી. પરોપકારથી અક્ષય પુણ્ય રાશી એકઠા થાય છે. નીતિશતકમાં ભતૃહરિ કહે છે કે શરીરની સાચી શોભા પરોપકાર છે. જે પરોપકાર કરતો નથી તેનો જન્મ બકરીના ગળે લટકતા સ્તનની જેમ નિરર્થક છે. વૃક્ષો પોતાના ઉપર અપકાર કરનાર પર પણ ઉપકાર કરે છે. વૃક્ષો પથ્થર મારનારને પણ ફળો આપે છે. અને કુહાડીથી કાપનારને પણ શીતળ છાંયો આપે છે. તેમ

સત્પુરૂષો સ્વભાવથી જ પરોપકારી હોય છે. તેને માન મળે યા અપમાન મળે છતાં પરોપકાર કરવામાં પીછેહઠ કરતા નથી.

એકવાર એક વીંછી નદીમાં તણાતો હતો. બહાર નીકળવા ઘણાં પ્રયત્નો કર્યા છતાં નીકળી શક્યો નહી. નદીમાં સ્નાન કરવા આવેલા એક સંતે આ દ્રશ્ય જોયું. તરત જ નદીમાં પડ્યા ને વીંછીને પકડી કિનારે લાવીને મૂક્યો. વીંછીએ ડંખ માર્યો અને ફરી નદીમાં પડ્યો. ફરી સંતે તેને બહાર કાઢ્યો. વીંછીએ ફરી ડંખ માર્યો. બરાબર ખીજાણો. આમ બે-ત્રણ વખત બન્યું. છતાંય સંતે તેને તણાવા દીધો નહી. અને બચાવ્યો. સંતને ઝેરથી મૂર્છા આવી ગઈ. મૂર્છા ઉતરી ત્યારે ઉભા થયા. આ દ્રશ્યને એક ભાઈ નિહાળી રહ્યા હતા. તેને લાગ્યું કે આ કોઈ મહામૂર્ખ હશે છતાંય જીજ્ઞાસાથી પાસે આવ્યો અને સંતને પૂછ્યું કે, "વીંછીએ ડંખ માર્યા છતાંય તમે તેને કેમ બચાવ્યો ? ત્યારે સંતે કહ્યું કે, જો વીંછી તેની બૂરાઈ ન છોડી શકે તો હું મારી સાધુતા કેમ છોડી શકુ ? આ સાંભળીને પેલો ભાઈ સંતના ચરણમાં ઢળી પડ્યો.

ગમે તેવી આપત્તિ આવી પડે છતાં સજ્જન પોતાની સજ્જનતા છોડતા નથી. સજ્જન રૂપ વિભૂતિને ઈશ્વરે પરોપકાર માટે જ સર્જી છે. અઢાર પુરાણોના રચયિતા વ્યાસ મુનિ કહે છે કે **"परोपकाराय पुण्याय पापाय परपींडनम्"** પરોપકાર સમાન કોઈ પુણ્ય નથી અને પરપીડન જેવું કોઈ પાપ નથી. દરેક ધર્મ સંપ્રદાયનો આદર્શ પરોપકાર છે.

ભક્ત કવિ નરસૈયો એક પ્રસિધ્ધ ભજનમાં કહે છે કે જે **"વૈષ્ણવજનતો તેને રે કહીએ જે પીડપરાઈ જાણે રે પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રેઃ"** પરોપકાર કરવા છતાં જેનામાં અભિમાન આવતું નથી એજ સાચો વૈષ્ણવ છે. ભક્તજન છે. વર્ષો વીતી ગયા છતાંય હજુ આપણે મહારાજ દિલીપ અને સમ્રાટ અશોક ને યાદ કરીએ છીએ. શા માટે ? તેનું મુખ્ય કારણ એ છે કે તેઓ પરોપકારી જીવન જીવી ગયા. ધૂપસળી સ્વયં જલે છે છતાંય બીજાને સુવાસ આપે છે. તેમ સજ્જન પુરુષો સ્વયં દુઃખ વેઠીને અન્યને સુખી કરે છે. જે પરોપકારી જીવન જીવ્યા તેજ ખરૂં જીવન જીવ્યા કહેવાય. પોતાના કુટુંબીજનોનું ભરણ-પોષણ તો પશુ-પક્ષીઓ પણ કરે છે. ભગવાને માનવ દેહ કેવળ ઉદરપૂર્તિ માટે આપ્યો નથી. કેવળ ખાવા-પીવા માટે જ જીવન જીવે છે તેઓનું જીવન પશું સમાનછે. માનવ દેહની સાર્થકતા પરોપકારમાં જ છે. કદાચ પરોપકાર ન થઈ શકે તો કાંઈ વાંધો નહિ. પરંતુ ક્યારેય કોઈનો અપકાર તો કરશો જ નહિ.

નીતિ શતકકાર ભર્તુહરિ કહે છે કે કેટલાક લોકો સ્વાર્થ છોડીને અગંત નુકશાન વેઠીને પણ પરોપકાર કરે છે તેઓ ખરેખર ઉત્તમ ભક્ત છે. કેટલાક લોકો સ્વાર્થ સાધતા જાય છે અને પરોપકાર કરે છે તે મધ્ય પ્રકારના ભક્ત છે. કેટલાક કેવળ સ્વાર્થ સાધે છે પરોપકાર કરતા નથી તેઓ કનિષ્ટ પ્રકારના ભક્ત છે. વિશ્વના બધાજ મહાપુરુષોએ પરોપકારનું ગૌરવ ગાયું છે. પરંતુ પરોપકાર કરતી વેળાએ દેશ-કાળ અને પાત્રનો પણ વિવેક રાખવો જોઈએ. નહિતર ઘણીકવાર પરોપકાર કરવા જતાં અપકાર થઈ જાય. જેમ કે કોઈ ધાડપાડું ને હથિયારની બહુ જરૂર હોય અને આપણે તેને હથિયાર આપી પરોપકાર કરીએ તો પરિણામ શું આવે? માટે શાસ્ત્રમાં બતાવેલ વિવેકપૂર્વક ઉપકાર એજ ખરો પરોપકાર છે. પરોપકાર સજ્જનોનું આભૂષણ છે. તેનાથી સજ્જનોની શોભા વધે છે.

●

ગર્વ ગંજન ઘનશ્યામ મહારાજ

- કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)

એક દિવસ મકર સંક્રાંન્તિ હોવાથી શ્રી ધર્મદેવે વિચાર કર્યો કે આજે મકરસંક્રાન્તિ નો દિવસ હોવાથી ઠંડા પાણીથી સ્નાન કરવું જોઈએ. આમ તો આખો મહિનો સ્નાન કરવું જોઈએ. આમ વિચારી તેઓ મોતી ત્રવાડી તથા રામપ્રતાપ અને શ્રી ઘનશ્યામને લઈ નારાયણ સરોવર આવ્યા અને સ્નાન કરી પાછા ઘેર આવ્યા. અને બ્રાહ્મણોને દાન આપ્યાં અને વિપ્રો તથા સાધુજનોને જમાડી સંતુષ્ટ કર્યા. સર્વ છપૈયાવાસીઓએ પણ શ્રધ્ધા અનુસાર દાનપુણ્ય કર્યું. એ સમયે પૃથ્વી માતા ગાયનું સ્વરૂપ ધારણ કરી ધર્મદેવને ઘેર શ્રી ઘનશ્યામ પાસે આવ્યાં. તેઓએ ઘુઘરી તથા શીરો ગાયમાતાની પાસે મૂક્યો અને તેઓ ગૌમાતાને પ્રેમથી પંપાળવા લાગ્યા. આ સમયે ગૌમાતા નિસાસો મૂકી રડવા લાગ્યાં. ત્યારે શ્રી ઘનશ્યામને કહ્યું : "હે ગાયમાતાજી, કેમ રડો છો. અમને સત્ય હકીકત કહો." પછી ગાયના સ્વરૂપે પધારેલાં પૃથ્વીમાતા બોલ્યા, "હે દીનદયાળ, હે ભગવાન, હું ગાયનું રૂપ લઈને આજે આપને શરણે આવી છું. આપ ગર્વગંજન છો તમારી આગળ અરજ કરું છું કે મારા ઉપર બહુ પાપ થાય છે. મારા પરનો પાપરૂપી ભાર હલકો કરો અને રૂડો ધર્મ સ્થાપન કરો તે માટે જ આપનો અવતાર થયો છે.

ગૌમાતા આ પ્રમાણે કહેતા હતાં ત્યાં જ વરુણદેવ પ્રગટ થઈ, ભારે દુઃખી થઈ ગદ્‌ગદ્‌ કંઠે મધુર વાણીથી શ્રીહરિની પ્રાર્થના કરી કે, "હે કૃપાસિંધો, હે ઘનશ્યામ પ્રભો

મારું દુઃખ દૂર કરો, ઈંટોલા ગામ પાસે તળાવમાં ઘણા લોકો માછલાં તથા અન્ય જળચરો અને જીવજંતુઓ મારે છે. આ સર્વ પાપી અસુરોને આપ મારો. એ તળાવના કિનારા પર અનેક મોટા મગર, માછલાં તથા જળચરો અને જીવજંતુઓ મરેલાં પડ્યા છે. એટલે હું દુઃખી થઈ આપને અરજ કરવા આવ્યો છું. હે હરિ, હે કૃષ્ણ દુષ્ટથી રક્ષા કરો.''

વરુણદેવના એવા વચનો સાંભળી દિનદયાળુ શ્રી ઘનશ્યામ મહારાજના દિલમાં અપાર દયા આવી અને તેથી ગૌ સ્વરૂપ પૃથ્વીમાતા તથા વરુણદેવને તેમણે કહ્યું ''તમે ડરશો નહિ. તમે બંને તમારા સ્થાને પ્રત્યક્ષ પ્રભુનું ધ્યાન ધરજો. થોડાક દિવસોમાં હું તમારું કષ્ટ દૂર કરીશ અને પરમ એકાંતિક ધર્મ સ્થાપીશ ત્યારે જ મને શાંતિ મળશે. થોડા દિવસોમાં અમે વનમાં જઈશું અને ત્યાં જતાં ઘણા જીવોનું કલ્યાણ કરીશું.''

ઘનશ્યામ મહારાજની આજ્ઞા લઈ ગૌ માતા સ્વરૂપ પૃથ્વીમાતા તથા વરુણદેવે વિદાય લીધી.

શ્રી ઘનશ્યામ બીજા સ્વરૂપે ઈંટોલા ગામે ગયા અને ત્યાં તેમણે તળાવ કિનારે પડેલાં મરેલાં જીવજંતુઓ ઉપર નજર કરી ત્યારે એ સર્વ સજીવન થઈ પાછાં તળાવમાં જતા રહ્યાં. બધા માછીમારો માછલાં તળાવમાં ફેંકી દેવાનો આક્ષેપ એક બીજા ઉપર કરવા લાગ્યા અને છેવટે તેઓ અંદરો અંદર લડી મર્યા. જુઓ મહાપ્રભુએ કેવું અદ્‌ભુત કામ કર્યું ! પ્રભુની માયાનો પાર કોઈ પામી શકતું નથી. આમ શ્રી ઘનશ્યામ મહારાજ આગળ પૃથ્વી માતા તથા વરુણદેવે મકરસંક્રાન્તિના દિવસે સ્તુતિ કરી અને તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો.

●

મહુધાના બ્રાહ્મણનો બ્રહ્મરાક્ષસ કાઢ્યો

- પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)

એક દિવસ ભગવાનની સભા થઈ તે સમયે મહુધાનો બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો તે બ્રાહ્મણ સભામાં આવ્યા તે બ્રહ્મ રાક્ષસ થયેલો બ્રાહ્મણ ભણેલો હતો. તે દેવલ ઋષિના શ્રાપથી બ્રહ્મરાક્ષસ થયો હતો. તે બ્રહ્મરાક્ષસ શ્લોકો બોલવા લાગ્યો. ત્યારે મહારાજ કહે કોણ શ્લોક બોલે છે. ત્યારે તેના સગા બોલ્યા જે આ બ્રાહ્મણમાં પ્રવેશેલો બ્રહ્મરાક્ષસ બોલે છે. પછી મહારાજ કહે મારી પાસે લાવો. પછી તેને લાવ્યા. પછી તે છાતી કાઢીને ઉંચે સાદે ભાગવતના શ્લોકો બોલવા લાગ્યો. પછી શ્રીહરિએ દૃષ્ટિ કરીને હાકોટો કર્યો ત્યારે તે બોલતો બંધ થયો. પછી મહારાજ કહે તું કોણ છે... ત્યારે તે કહે છે તમારે શું કામ છે ? પછી મહારાજ કહે તેમાંથી તું નીકળી જા. ત્યારે બ્રહ્મરાક્ષસ કહે ! આ ક્યાં તમારો સત્સંગી છે. ત્યારે મહારાજ કહે સત્સંગી નહી હોય તો સત્સંગી કરીશું. પછી જળ લાવ્યા ત્યારે તે મૂઠ્ઠી વાળી ગયો પછી પરાણે મૂઠ્ઠી ખોલાવીને મહારાજે ભૂતવાળાને વર્તમાન ધરાવ્યા પછી તે ઢીલો પડ્યો અને કહ્યું કે તેમાંથી નીકળી જા. ત્યારે બ્રહ્મરાક્ષસ કહે હું નીકળીને ક્યાં જાઉં. પછી મહારાજ કહે સન્યાસી દેવાનંદ સ્વામીના શરીરમાં જા. ત્યારે તે કહે તેમાં તો જાઉં તો હું બળી જાઉં. પછી મહારાજ કહે અમારામાં આવ અથવા આ પરમહંસોમાં જા, તે કહે તેમાં જાઉં તો જીવતો જ ના રહું બળી જ જાઉં. પછી મહારાજ કહે આ વડમાં રહીશ. ત્યારે તે બોલ્યો કે વડમાં ભૂત હતાં તે શહેરમાં ફરવા ગયા છે અને જ્યાં આવી સંત સભા થાય ત્યાં મારાથી કેમ રહેવાય. પછી મહારાજ કહે ત્યારે ક્યાં રહેવું છે. ત્યારે બોલ્યો કે તમારા સ્વરૂપનો જેને પૂરો નિશ્ચય ના હોય કે સ્વામિનારાયણ ભગવાન હશે કે નહિ હોય અને વર્તમાન પૂરાં વર્તતા ના હોય એવી બાઈઓ સામે બેઠી છે તેમાં કહો તો જઈને રહું. ત્યારે મહારાજ બોલ્યા કે સર્વે બાઈઓ તમે સાંભળજો. આ ભૂત તમારામાં આવવાનું કહે છે. માટે અમારા વર્તમાન ના પાળતાં હોય તેમાં ભૂતને બ્રહ્મરાક્ષસને મોકલીએ છીએ. પછી બાઈઓ બોલ્યા કે તમારા વર્તમાન બરાબર ખટકો રાખીને પાળશું અને તમારા સ્વરૂપનો નિશ્ચય પણ બરાબર રાખીશું. પણ કૃપા કરીને બ્રહ્મરાક્ષસને અમારી પાસે મોકલશો નહી.

પછી શ્રીહરિએ જળ લાવીને જે બ્રહ્મરાક્ષસ બ્રાહ્મણમાં પ્રવેશેલો હતો તેના હાથમાં વર્તમાન ધરાવીને દેવલના શ્રાપથી મુકાવ્યો. પછી તે બ્રાહ્મણે મહારાજનાં ચરણ છાતીમાં લીધા અને બોલ્યો કે હે મહારાજ હું તો વેદો ભણીને બ્રહ્મજ્ઞાની થઈ ગયો હતો પછી મારા ગુરુ જે દેવળ મુનિને ક્રોધ કરીને સામું બોલવા માંડ્યું. પરંતુ ગુરુ તો દયાળુ હતા મને સમજાવતા પરંતુ બ્રહ્મજ્ઞાનથી મારામાં ઊંધો પાશ બેઠો હતો તે ગુરુજી ઘણું સમજાવે છતાં પાશ ગયો નહી. પછી એક દિવસ ગુરુને શાસ્ત્રના વાદે કરીને કોપાયમાન કર્યા તેથી શ્રાપ દીધો જે બ્રહ્મરાક્ષસ થઈ જા. પછી તે ગદ્‌ગદ્‌ થઈને રુદન કરીને ગુરુના પગ ઝાલ્યા તે મુકે જ નહી પછી દેવલમુનિ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીને બોલ્યા કે કળિયુગમાં સ્વામિનારાયણ ભગવાનનો જોગ થશે અને તું મારા શ્રાપથી મુકાઈશ અને મોક્ષને પામીશ. પછી બ્રહ્મરાક્ષસ કહે તમારા જે દર્શન થયાં તે તો મારા ગુરુનાં અનુગ્રહથી થયાં અને હું શ્રાપથી મુકાયો માટે તમો જ્યાં આજ્ઞા કરી ત્યાં જાઉં. પછી મહારાજ કહે નરનારાયણદેવ જ્યાં તપ કરે છે તે બદ્રિકાશ્રમમાં જા. પછી તેણે મહારાજના ચરણ ઝાલ્યાં તે મુકે નહી પછી શ્રીહરિએ ચપટી વગાડી તે થોડેક છેટે દેખાણો પછી અદૃશ્ય થઈ ગયો.

સત્સંગ સમાચાર

વિશ્વના સૌ પ્રથમ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણ ભગવાનના સાંનિધ્યમાં વૈશાખ વદ-૪ તા. ૬-૫-૨૦૨૬ થી વૈશાખ વદ-૮ તા. ૧૦-૫-૨૦૨૬ પર્યન્ત શ્રીમદ્ ભાગત પંચાહ્ન પારાયણ પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા પરિવાર ગામ સુખપર-કચ્છના યજમાનપદે સંપન્ન થઈ હતી. જેના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી (કાંકરિયા મહંતશ્રી) એ સૌ ભક્તોને સંગીતના મધુર સૂર સાથે કથામૃત પાન કરાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. મહંત સ્વામીના સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં અધિક માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ અને પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રી નરનારાયણ ભગવાનના સાંનિધ્યમાં અધિક પુરૂષોત્તમ માસમાં વૈશાખ વદ-૧૩/૧૪ તા. ૧૫-૫-૨૦૨૬ થી અધિક જેઠ સુદ-૩ તા. ૧૯-૫-૨૦૨૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ સ.ગુ. શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા મહંતશ્રી)ના વક્તાપદે પ્રસાદીના સભા મંડપમાં સંપન્ન થઈ હતી.

તા. ૧૭-૫-૨૦૨૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં બિરાજી કથામૃતપાન કરી યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અધિક જેઠ સુદ-૩ ના રોજ પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ પાટોત્સવ અને પારાયણના યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતો એ અને મહંત સ્વામીએ સોની મહાજનના સત્સંગને બિરદાવી પ્રેરણાત્મક આશીર્વાદ આપ્યા હતા.

મહંત સ્વામીના સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. સભાનું સુંદર સંચાલન સાધુ દિવ્યસ્વરૂપદાસે કર્યું હતું.

યજમાન પરિવાર અ.નિ. અમૃતલાલ જગજીવનદાસ પટણી, અ.નિ. કાંતાબેન અમૃતલાલ પટણી (વઢવાણવાળા), પ.ભ. નવીનભાઈ એ. પટણી, ઉષાબેન એન. પટણી, ડૉ. ઘનશ્યામભાઈ પટણી, અ.સૌ. નિરંજનાબેન જી. પટણી આદિ પરિવારે આવો મહા અલૌકિક પાટોત્સવ અને પારાયણનો લાભ લઈ અતિ ધન્ય બન્યા હતા.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ પાર્ક - નવા નરોડા ૨૮ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કર્મ શક્તિ મંદિર સત્સંગ સમાજના આયોજનથી પ.ભ.શ્રી વિનોદભાઈ ધનજીભાઈ પટેલ (મણીપુરાવાળા)ના મુખ્ય યજમાનપદે મંદિરનો ૨૮ વાર્ષિક પાટોત્સવ તા. ૨૬-૪-૨૦૨૬ ના રોજ ઉમંગ અને ઉલ્લાસથી સુંદર રીતે ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં ઠાકોરજીના ચલસ્વરૂપનો અભિષેક, સમૂહ મહાપૂજા, ત્રણ કલાકની ધૂન, અન્નકૂટ તથા ભક્તજનો માટે મહાપ્રસાદનું સુંદર આયોજન થયું હતું. તા. ૨૫-૪-૨૦૨૬ ના રોજ બાળ મંડળનો રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયી ઉજવાયો. બાળ મંડળના કોઓર્ડિનેટર્સ તથા સભા સંચાલકોના અથાગ

પ્રયત્નથી શિક્ષાપત્રીમાં લખેલ સદાચાર રૂપી ધર્મને ઉજાગર કરતા. સંસ્કાર પ્રેરક, રમૂજ અને હાસ્યરસ સાથે જ્ઞાનવર્ધક, સમાજ સેવા પ્રેરક, ખોટા વહેમો પર પ્રકાશ પાડી ઘર પરિવારમાં સંપની ભાવનાને સુદૃઢ કરાવનાર બાળકો અને બાલિકાઓના નાટક, સંવાદ, રાસોત્સવ, નૃત્ય, કળા કૌશલ્ય જેવા વિવિધ કાર્યક્રમો ખૂબ સુંદર રીતે સંપન્ન થયા હતા. બાળસભાથી પોતાના બાળકમાં થયેલ સુસંસ્કારોની વૃધ્ધિ અંગે વાલીઓએ પોતાના મંતવ્યો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમ નિહાળનાર ભક્તજનોએ બાળકો ઉપર ખૂબ રાજી થઈને આશીર્વાદના રૂપમાં બાળ મંડળના વિકાસ અને પ્રોત્સાહન માટે નાની મોટી આર્થિક સેવા કરી હતી. દરેક બાળકોને પ્રોત્સાહક ઈનામ આપી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે કાલુપુર મંદિરેથી પૂ. મહંત સ્વામીના પ્રતિનિધિ સ્વરૂપે તેમના શિષ્ય શા. સ્વામી દિવ્યસ્વરૂપદાસજી પધાર્યા હતા અને પ્રાસંગિક શુભાશીર્વાદ પાઠવ્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

વિશ્વના સૌ પ્રથમ એવા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસ નિમિત્તે શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે અધિક પુરૂષોત્તમ (જેઠ) માસમાં પ્રસાદીના સભા મંડપમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ અધિક જેઠ વદ-૨ તા. ૪-૬-૨૦૨૬ થી અધિક જેઠ વદ-૮ તા. ૮-૬-૨૦૨૬ પર્યન્ત સ.ગુ.શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના યજમાન અ.નિ.પ.ભ. બાબુલાલ મગનલાલ સોની, અ.નિ. પ.ભ. હંસાબેન બાબુલાલ સોની પરિવારે સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા. મહંત સ્વામીના સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. ધર્મકુળે પધારી સૌ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સાધુ દિવ્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં નિયમિત યોજાતી પૂનમ સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં છેલ્લા ઘણા વરસથી દર પૂનમના સવારના ૮-૩૦ થી ૧૦-૩૦ પ્રસાદીના સભા મંડપમાં સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવે છે. ગામો ગામ અને શહેરના હરિભક્તો સત્સંગ સભાનો લાભ લેવા પધારે છે. તા. ૧-૫-૨૦૨૬ વૈશાખ સુદ પૂનમની સત્સંગ સભાના વક્તા શા. સ્વા. અખંડસ્વરૂપદાસજીએ કથાનું અમૃતપાન કરાવ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સુંદર સભા સંચાલન સાધુ દિવ્યસ્વરૂપદાસે કર્યું હતું. (કોઠારી સ્વામી કાલુપુર)

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રસાદીધામ પાટણ

મહિલા સત્સંગ સભા : પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૦-૫-૦૦૨૬ ના સાંજે ૪ થી ૭ આપણા બહેનોના મંદિરમાં મહિલા સત્સંગ સભા થઈ હતી. આ પ્રસંગે ઉંઝા મંદિરના સાંખ્યયોગી વનીતાબા અને હંસાબાએ કથા વાર્તા કરી સૌને સુંદર લાભ આપ્યો હતો.

તા. ૧૨-૪-૨૦૨૬ ના રોજ નૂતન મંદિરનું પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ખાત મુહૂર્ત થયું હતું. આ પ્રસંગે જનમંગલના હોમાત્મક પાઠ આદિ કરવામાં આવ્યા હતા.

બાળ સભા : પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી તા. ૧૦-૫-૨૦૨૬ ના રોજ ૧૦ મી બાળ સભા થઈ હતી. જેમાં ધાર્મિક પરીક્ષામાં ૩૫ બાળકોએ લાભ લીધો હતો. પર્ણ-૨ પુસ્તકનું બાળકોને વિતરણ કરાવમાં આવ્યું હતું. અધિક માસ નિમિત્તે મંદિરમાં ધૂન-ભજન, કીર્તન પાઠ આદિ કાર્યક્રમ થયા હતા. (પ્રકાશભાઈ સોની)

શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગર (ઓઢવ) પર મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગરનો (અમદાવાદ) ૫૨ મો વાર્ષિક પાટોત્સવ તા. ૭-૪-૨૦૨૬ ના રોજ સૌ હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો.

સવારે ૬-૩૦ થી ૭ ઠાકોરજીનો અભિષેક, બપોરે ૨-૩૦ થી ૫ સુધી અખંડ મહામંત્ર ધૂન આદિ કાર્યક્રમ થયા

હતા. આપણા કાલુપુર મંદિરથી સાંખ્યયોગી ભારતીબા, સાંખ્યયોગી ગીતાબા આદિ બહેનોએ પધારી બહેનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. (નાનીબેન)

રામોલ જામફળવાડી શ્રી સ્વામિનારાયણ મંદિર પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ જામફળ વાડીના પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક રાત્રીય કથા સ.ગુ. શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજી (કાંકરિયા મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી.

તા. ૧૦-૫-૨૦૨૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને ધામોધામથી પધારેલા સંતોની પ્રેરક અમૃતવાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સાધુ દિવ્યસ્વરૂપદાસે શોભાવ્યું હતું. (કોઠારી સ્વામી કાલુપુર)

ગુનમા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી ગુનમા (તા. માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી પાટોત્સવ તા. ૬-૫-૨૦૨૬ થી તા. ૧૦-૫-૨૦૨૬ ના રોજ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. જેના ઉપલક્ષમાં પંચ દિનાત્મક કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦-૫-૨૦૨૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી થઈ હતી. ગામના દરેક ભક્તોએ ખૂબજ સુંદર સેવાનો લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ્વામી અને ધામોધામના સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન મહંત સ્વામીના શિષ્ય સાધુ દિવ્યસ્વરૂપદાસે શોભાવ્યું હતું. (રાજુભાઈ ચૌધરી)

લીંબોદરા ગામે સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી લીંબોદરા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (વિનુભાઈ ગૌસ્વામી- લીંબોદરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૮ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તેમજ પ.ભ. શ્રી દાસભાઈની પ્રેરણાથી તા. ૨૪-૫-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૮ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. શ્રી રસિકભાઈ એસ. કાછડીયાના મુખ્ય યજમાનપદે તથા અન્ય ભાવિક ભક્તજનોના સાથ સહકારથી ઉમંગ અને ઉલ્લાસથી ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત સમૂહ મહાપૂજા, અન્નકૂટ અને પ્રાસંગિક સભાનું આયોજન થયું હતું. સભામાં કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીના પ્રતિનિધિ સ્વરૂપે પધારેલ પૂ. બાલુ સ્વામી તથા શા. સ્વામી સત્યસંકલ્પદાસજી (મહંતશ્રી નારણઘાટ મંદિર) તેમજ અપ્રોચ મંદિરના મહંત શા. સ્વામી ધર્મનંદનદાસજી આદિક સંતોએ પધારીને આશીર્વચનનો લાભ આપ્યો હતો. કાલુપુર મંદિરેથી પધારેલ પૂ. સાંખ્યયોગી બહેનોએ અન્નકૂટના દર્શન કરી બહેનોના વિભાગમાં દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો.

ભક્તજનો માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા-વાસણા ૧૦ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી

પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૨૨-૪-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા-વાસણા માં બિરાજમાન દેવોનો ૧૦ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, બાવળાથી સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી, સ.ગુ. બ્ર. કે.પી. સ્વામી આદિ સંતોએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા ૧૫ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૨૫-૪-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડિયામાં બિરાજમાન દેવોનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ મહંતશ્રી), સ.ગુ. શા. સ્વામી ધર્મનંદનદાસજી (બાપુનગર મહંતશ્રી), શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી જનમંગલદાસજી આદિ સંતોએ પધારી સત્સંગ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના ભક્તો અને બહાર ગામથી આવેલા ભક્તોએ અભિષેક અને અન્નકૂટના દર્શન કરી ખૂબ રાજી થયા હતા.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપનો ૧૬૩ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૧-૪-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ ગામમાં બિરાજમાન દેવનો ૧૬૩ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર મંદિરથી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, મહેસાણાથી સા.ગુ. નારાયણપ્રસાદદાસજી, બિલિયાથી સા.ગુ. ચંદ્રપ્રકાશદાસજી, અક્ષરપ્રિયદાસજી આદિ સંતોએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના કાલુપુર મંદિરના ટ્રસ્ટીશ્રી ગણપતભાઈ જી. પટેલ સાહેબે સુંદર આયોજન કર્યું હતું. ગામના બધા ભક્તો આ સુંદર આયોજનમાં જોડે રહી પાટોત્સવ અભિષેકના દર્શન, સત્સંગનો લાભ લઈ ખૂબ રાજી થયા હતા.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર મેરાના મુવાડા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૩૦-૪-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર મેરાના મુવાડામાં બિરાજમાન દેવોનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, અક્ષર સ્વામી, જનમંગલ સ્વામીએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના ભક્તોએ અભિષેકના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોઠંબાના બહેનોએ અન્નકૂટ બનાવવાની સેવા કરી હતી.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડીનો ૧૯૭ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૧-૫-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી માં બિરાજમાન દેવોનો ૧૯૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં જેતલપુરધામથી સા.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, સા.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શ્યામચરણદાસજી, સ.ગુ. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (કાલુપુર મંદિર ટ્રસ્ટીશ્રી),

મકનસર મંદિરના મહંત સ્વામી હરિપ્રકાશદાસજી, બાપુનગર મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોએ પધારી સત્સંગ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના ભક્તોએ અભિષેકના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ખૂબ રાજી થયા હતા.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (કપડવંજ) નો ૧૬ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૭-૫-૨૦૨૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામમાં બિરાજમાન દેવોનો ૧૦ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ.ગુ. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (કાલુપુર મંદિર ટ્રસ્ટીશ્રી), સ.ગુ. મહંત સ્વામી હરિપ્રકાશદાસજી (મકનસર) આદિ સંતો પધાર્યા હતા. જેતલપુર સંસ્કૃત મહાવિદ્યાલયના ભુદેવ દ્વારા પૂજા કરવામાં આવી હતી. ગામના ભક્તો અભિષેક-અન્નકૂટના દર્શન કરી ખૂબ રાજી થયા હતા. સંતોએ કથા વાર્તાનો સત્સંગનો સુંદર લાભ આપ્યો હતો.

(જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

આપણા વ્રતોત્સવ

બીજો જેઠ સુદ-૨ મંગળવાર તા. ૧૬-૬-૨૦૨૬ પ્રાંતિજ મંદિર પાટોત્સવ

બીજો જેઠ સુદ-૫ શુક્રવાર તા. ૧૯-૬-૨૦૨૬ વાલી (રાજ.) મંદિર પાટોત્સવ.

બીજો જેઠ સુદ-૧૦ બુધવાર તા. ૨૪-૬-૨૦૨૬ શ્રીહરિએ સ્વતંત્રપણે સ્વધામ ગમન કર્યુ હતું.

બીજો જેઠ સુદ-૧૧ ગુરુવાર તા. ૨૫-૬-૨૦૨૬ નિર્જળા એકાદશી ઉપવાસ. સર્વોપરિ છપૈયાધામ મંદિર પાટોત્સવ. આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ.

બીજો જેઠ સુદ-૧૪ રવિવાર તા. ૨૮-૬-૨૦૨૬ ઠાકોરજીને કેસર સ્નાન.

બીજો જેઠ સુદ-૧૫ સોમવાર તા. ૨૯-૬-૨૦૨૬ મુકુટોત્સવ પૂનમ.

બીજો જેઠ વદ-૧૨ શનિવાર તા. ૧૧-૭-૨૦૨૬ યોગીની એકાદશી ઉપવાસ, વડનગર મંદિર પાટોત્સવ.

અષાઢ સુદ-૨ ગુરુવાર તા. ૧૬-૭-૨૦૨૬ શ્રી જગન્નાથજી ભગવાનની રથયાત્રા.

અષાઢ સુદ-૩/૪ શુક્રવાર તા. ૧૭-૭-૨૦૨૬ અયોધ્યા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.

BANK NAME	:	**STATE BANK OF INDIA**
BRANCH	:	**FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001**
BENEFICIARY NAME	:	**SHREE NARNARAYAN MANDIR TRUST**
SAVING BANK A/C. NO.	:	**401 890 15898**
IFS CODE	:	**SBIN0000691**
SWIFT CODE	:	**SBININBB104**
BENEFICIARY ADDREES	:	**SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA**

Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-

If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

ચૈત્ર સુદ-૨ પ.ભ. હર્ષ કલ્પેશકુમાર પટેલ (કડી), અ.નિ. યશવંતભાઈ બેચરભાઈ પટેલ (અમદાવાદ). **ચૈત્ર સુદ-૩** પ.ભ. છેલાજી અનાજી ચૌધરી (દાંતીવાસ-રાજ.). **ચૈત્ર સુદ-૪** પ.ભ. હરિકૃષ્ણભાઈ નાથાલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. નવનીતભાઈ નારણભાઈ માંગરોલીયા (અમદાવાદ), અ.નિ. સ.ગુ. શા. સ્વામી ભક્તિજીવનદાસજીના સ્મરણાર્થે (ગુંદાળા). **ચૈત્ર સુદ-૫** શ્રીજી એન્કલેવ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ શીવાભાઈ પટેલ (ખંડેરાવપુરા), અ.નિ. કેશરા માવજી (માંડવી-કચ્છ), પ.ભ. કિઆન બિન્દેશભાઈ પટેલ જન્મ દિને (ગાંધીનગર). **ચૈત્ર સુદ-૬** પ.ભ. અમરબાઈ લાલજી હાલાઈ (માંડવી-કચ્છ). **ચૈત્ર સુદ-૭** પ.ભ. માધવલાલ મગનદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. પૂર્વિકાબેન પટેલ (જાસલપુર), પ.ભ. હર્ષાબેન તનુભાઈ બવાડીયા (સુરત). **ચૈત્ર સુદ-૮** અ.નિ. પૂ. સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી - રાબડીયા કિશોરભાઈ માવજી (ભુજ મંદિર), શ્રીહરિ પ્રભુની ૨૪૫ મી જયંતી નિમિત્તે સ.ગુ. શા. સ્વા. જ્ઞાનજીવનદાસજી (કુંડળ). **ચૈત્ર સુદ-૯** પ.ભ. અરવિંદભાઈ ચૌધરી (ઈશ્વરપુરા). **ચૈત્ર સુદ-૧૦** પ.ભ. ઘનશ્યામભાઈ કરશનભાઈ ચાવડા (રામપરા), પ.ભ. મધુબેન જગદીશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સંદિપભાઈ દશરથભાઈ પટેલ, પ.ભ. રમીલાબેન અંબાલાલભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. ગીતાબેન જગદીશભાઈ પટેલ, પ.ભ. અ.નિ. વાઘજીભાઈ માધવદાસ પટેલ, પ.ભ. અ.નિ. કાશીબેન વિ. પટેલ, પ.ભ. અ.નિ. કાળુભાઈ વિઠ્ઠલભાઈ વિરસદીયા (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૧** પ.ભ. કમલા દિપકભાઈ હિરાણી (ભુજ-કચ્છ). **ચૈત્ર સુદ-૧૨** પ.ભ. નિરવ ચંદ્રકાન્ત ભાવસાર (અમદાવાદ), પ.ભ. ચેતનાબેન કલ્પેશભાઈ (સોલંકી), પ.ભ. અ.નિ. અરવિંદ વાઘજી હિરાણી (મિરજાપર-કચ્છ), પ.ભ. સુનિતાબેન પરેશકુમાર પટેલ (વડુ), પ.ભ. અશોકભાઈ જોઈતારામ પટેલ (ડાંગરવા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. જ્યોત્સનાબેન દિનેશભાઈ રાવ (અમદાવાદ), પ.ભ. અ.નિ. વિસરામ રામજી વેકરીયા (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. રવજી કરશન કેરાઈ (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ). **ચૈત્ર સુદ-૧૩** પ.ભ. ફેની ઘનશ્યામભાઈ પટેલ જન્મ દિને (ઈસંડ). **ચૈત્ર સુદ-૧૪** પ.ભ. અનંત જે. પટેલ (અમદાવાદ), પ.ભ. અલ્કાબેન જયેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. નરસિંહભાઈ નથુભાઈ ટીલવા (વંથલી), પ.ભ. વનીશા કાંતિભાઈ હાલાઈ (કેરા-કચ્છ),. **ચૈત્ર સુદ-૧૫** પ.ભ. પ્રિયંકાબેન નિસર્ગભાઈ પટેલ (મોખાસણ).

ચૈત્ર વદ-૧ પ.ભ. દેવેન્દ્રભાઈ ઝવેરલાલ પડીયા (અમદાવાદ), પ.ભ. દિલીપભાઈ વ્રજલાલભાઈ પરીખ (અમદાવાદ), પ.ભ. કૃષ્ણકુમાર વાડીલાલ પટેલ (અમદાવાદ). **ચૈત્ર વદ-૨** પ.ભ. અ.નિ. નંદલાલભાઈ ભાઈચંદભાઈ કોઠારી (અમદાવાદ), પ.ભ. નવિનચંદ્ર ગફુરભાઈ પટેલ (ખંભાત), પ.ભ. દેવસીભાઈ મૂળજીભાઈ હાલાઈ (કચ્છ-ભુજ). **ચૈત્ર વદ-૩** પ.ભ. જગદીશભાઈ તુલસીભાઈ ચાવડા (સુરત), ગં.સ્વ. ચંપાબેન ભનુભાઈ સુહાગીયા (અમદાવાદ), પ.ભ. કાંતિભાઈ સી. પટેલ (મોટેરા), પ.ભ. રામુબેન ઘનશ્યામભાઈ પટેલ (મેડા), પ.ભ. અ.નિ. મનજી કાનજી ગોરસીયા (માનકુવા-કચ્છ), પ.ભ. પ્રેમજીભાઈ ભગવાનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. રતનબાઈ કેસરા ધનજી ભુડીયા (ફોટડી-કચ્છ). **ચૈત્ર વદ-૪** પ.ભ. નિરજભાઈ પિયુષચંદ્ર જોશી (વડોદરા), પ.ભ. પૃથ્વી રોમીલભાઈ પટેલ જન્મ દિને (સોજા). **ચૈત્ર વદ-૫** અજુબેન પરેશકુમાર ચૌધરી (ભીમપુરા). **ચૈત્ર વદ-૬** પ.ભ. મહાથી કાછડીયા (નિકોલ), પ.ભ. અ.નિ. ઈન્દુભાઈ જે. પટેલ (અમદાવાદ). **ચૈત્ર વદ-૭** પ.ભ. અ.નિ. દિનેશચંદ્ર નટવરલાલ ચોકસી (અમદાવાદ). **ચૈત્ર વદ-૮** પ.ભ. અ.નિ. સુમિત હરિકૃષ્ણ ઠક્કર (અમદાવાદ), પ.ભ. પૂજય શ્રી જટાશંકર બાપા (ઈન્દૌર), પ.ભ. દુધારામ પૂંજાજી (જલોત્રા-વાલી-રાજ.), પ.ભ. અનારામ પ્રભુજી (જલોત્રા-વાલી-રાજ.). **ચૈત્ર વદ-૯** પ.ભ. અજયભાઈ કરશનભાઈ પટેલ (અમદાવાદ), પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિને (તા. ૧૧-૪) હ. પ.ભ. રામદાસ બાપા પટેલ પરિવાર (ઉનાવા) - હ. પ.ભ. ભાવિક પટેલ), પ.ભ. ભગવતભાઈ અંબાલાલ પટેલ (ભટાસણ), પ.ભ. ભીમજીભાઈ પી. વાલાજી (સુરત). **ચૈત્ર વદ-૧૦** પ.ભ. અ.નિ. સરોજબેન પી. દોશી (વડોદરા), પ.ભ. કમળાબેન કાંતિલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. ગૌરાંગ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય જન્મ દિને (અમદાવાદ), પ.ભ. અ.નિ. ભરતભાઈ ઈન્દુલાલ શાહ, ગં.સ્વ. મોંઘીબેન ધનજીભાઈ રાદડીયા (અમદાવાદ). **ચૈત્ર વદ-૧૨** પ.ભ. રામદાન ગઢવી (ગાંધીનગર), પ.ભ. પ્રીતિબેન હિતેષભાઈ (સુરત), પ.ભ. અ.નિ. વિરચંદદાસ ભાવસાર (સરસપુર), પ.ભ. કાંતાબેન રામાભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. કાંતાબેન ભીમજીભાઈ વાલાણી (સુરત), પ.ભ. લીલીબેન વિનુભાઈ સાવલીયા (વડોદરા), શા. સ્વા. જગતસ્વરૂપદાસજી ગુરુ પુરાણી સ્વા. જગતપ્રકાશદાસજી (હરિદ્વાર), પ.ભ. અ.નિ. લલીતાબેન લાલભાઈ પટેલ (ઉનાવા). **ચૈત્ર વદ-૧૩** પ.ભ. નાનુબેન રતનશીભાઈ પટેલ (મોરબી), પ.ભ. મહેન્દ્રભાઈ ત્રિકમલાલ પટેલ (કરજીસણ). **ચૈત્ર વદ-૧૪** પ.ભ. અ.નિ. ડાહ્યાભાઈ બાભઈદાસ પટેલ (ગવાડા), શ્રી ઘનશ્યામ મહારાજ (અમદાવાદ). **ચૈત્ર વદ-૩૦** શ્રી નરનારાયણદેવ, પ.ભ. કરશન પ્રેમજી હિરાણી (માંડવી-કચ્છ).

વૈશાખ સુદ-૧ પ.ભ. ધાત્રી કાછડીયા (નિકોલ). **વૈશાખ સુદ-૨** પ.ભ. મિહીર નિલેશકુમાર પટેલ (સરસપુર), પ.ભ. વેદાંત રવિ પટેલ (અમદાવાદ), પ.ભ. કનુભાઈ સોમાભાઈ પટેલ (ગોતા), પ.ભ. લાભુબેન હરિભાઈ સુતરીયા (ઝમરાળા), પ.ભ. વિશાલભાઈ નરસિંહભાઈ સચાવાડીયા (મોરબી), પ.ભ. પર્વ વિનોદભાઈ પ્રજાપતિ (અમદાવાદ), પ.ભ. જીતેન્દ્રભાઈ લાલજીભાઈ પટેલ (ગોતા),

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પ.ભ. સૌમિલ દિલીપભાઈ ભીમાણી (અમદાવાદ), પ.ભ. હર્ષાબેન કિરીટકુમાર ગોહીલ (બોપલ), પ.ભ. ઉદયન રજનીકાંતભાઈ મહેતા (અમદાવાદ), પ.ભ. ધવલભાઈ ભાવસાર (સીડની), પ.ભ. રતનબેન ભીમજી ભુવા (સુખપર-કચ્છ), સાંખ્યયોગી રતનબાઈ ભીમજી ભુવા (સુખપર-કચ્છ). **વૈશાખ સુદ-૩/૪** અ.નિ. પ.પૂ.સ.ગુ. સ્વા. કૃષ્ણપ્રસાદદાસજી ગુરુ સ્વા. હરિપ્રસાદદાસજી - હ. જગદીશભાઈ સાંખલા (કચ્છ). **વૈશાખ સુદ-૫** પ.ભ. કિશનભાઈ ડાહ્યાભાઈ માલી (મુંબઈ), પ.ભ. કેતનભાઈ ગીરીશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મલ્હાર કિરણભાઈ પટેલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૭** પ.ભ. પ્રફુલાબેન શશીકાંતભાઈ ગાંધી (અમદાવાદ), પ.ભ. અરવિંદભાઈ અંબાલાલ પટેલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૮** પ.ભ. ચેતનભાઈ નરસિંહભાઈ પટેલ (ઝુંડાલ). **વૈશાખ સુદ-૯** પ.ભ. વિમળાબેન ઈશ્વરલાલ મોદી (અમદાવાદ). **વૈશાખ સુદ-૧૦** પ.ભ. દિપીકાબેન રવિભાઈ હાલાઈ (કચ્છ), પ.ભ. પ્રકાશભાઈ જસવંતભાઈ સોની (વિસનગર), પ.ભ. જયાબેન મોહનભાઈ રામપરીયા (માણામોરા), પ.ભ. પ્રેમબાઈ લક્ષ્મણ (ભુજ-કચ્છ). **વૈશાખ સુદ-૧૧** પ.ભ. કરશનભાઈ જીણા જેસાઈ (બળદીયા-કચ્છ). **વૈશાખ સુદ-૧૨** પ.ભ. જયંતિભાઈ પ્રાગજીભાઈ ટાંક (સુરત), પ.ભ. અ.નિ. મુલચંદદાસ વિરચંદદાસ ભાવસાર (સરસપુર), પ.ભ. રમેશભાઈ મધુભાઈ કથીરીયા (સુરત), પ.ભ. મનજીભાઈ કલ્યાણભાઈ ખેતાણી (ફોટડી-કચ્છ), પ.ભ. અ.નિ. કંકુબા ટી. પટેલ તથા ડાહીબેન એન. પટેલ (પોર), પ.ભ. કિશોરભાઈ માવદિયા (રાજકોટ), પ.ભ. વિકેશ લાલજી હિરાણી (સુખપર રોહા-કચ્છ), પ.ભ. ધર્મિષ્ઠાબેન હસમુખભાઈ પટેલ (કંડારી), અ.નિ. બળદેવભાઈ જગજીવનદાસ ઠક્કર (કુંડળ-સાણંદ), હરજી કરશન લાખાણી (બળદીયા-કચ્છ), પ.ભ. દિકસી, કિના, કંચન, શ્યામલ (બળદીયા-કચ્છ), પ.ભ. શ્રેય દર્શન પટેલ (અમદાવાદ), પ.ભ. જયંત કે. યાજ્ઞિક (અમદાવાદ). **વૈશાખ સુદ-૧૩** પ.ભ. સામબાઈ નારણ રૂડા ભુડીયા (સુખપર-કચ્છ), પ.ભ. દિપભાઈ પ્રફુલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કાંતિલાલ ખીમાણી (દહીંસરા-કચ્છ), પ.ભ. ગિરધરલાલ મુળજીભાઈ મિરાણી (રાપર-કચ્છ). **વૈશાખ સુદ-૧૪** પ.ભ. અ.નિ. શાંતાબેન જેશંગભાઈ ચૌધરી (બાલવા). **વૈશાખ સુદ-૧૫** પ.ભ. અ.નિ. આનંદીબેન પટેલ (કણભા), પ.ભ. વિનોદભાઈ પટેલ (મોટેરા), પ.ભ. દેવર્ષ કમલેશભાઈ પટેલ (અમદાવાદ),

વૈશાખ વદ-૧ પ.ભ.અ.નિ. વાધજીભાઈ માધવદાસ પટેલ (વડદલા), પ.ભ. રસિકભાઈ શંકરભાઈ પટેલ (સુરેન્દ્રનગર), ઓડલીકન્ટ્રકશન પ.ભ. રૂષિ કરશનભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. કનુભાઈ બાબુભાઈ પટેલ (અમદાવાદ). **વૈશાખ વદ-૨** પ.ભ. મહેશભાઈ લાલજીભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. નટવરભાઈ રવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કાંતાબેન ધુરાલાલ પટેલ (સોજા), પ.ભ. અ.નિ. ઈન્દ્રવદનભાઈ પ મી પુણ્યતિથિ (અમદાવાદ). **વૈશાખ વદ-૩** પ.ભ. અ.નિ. કેસરા ખીમજી હિરજી હિરાણી (ગોડપર-કચ્છ), શાશ્વત ઈન્ફ્રા (અમદાવાદ), પ.ભ. અ.નિ. દિનેશ હરજી વરસાણી (સુખપર-કચ્છ). **વૈશાખ વદ-૪** અ.નિ.સ.ગુ. પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સ.ગુ. શા. સ્વા. બ્રહ્મસ્વરૂપદાસજી (એસ.જી.વી.પી. ગુરુકુળ). **વૈશાખ વદ-૫** પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. ચિરાગભાઈ હસમુખભાઈ રાઠોડ (અમદાવાદ), પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. ધીરૂભાઈ ઈશ્વરભાઈ પટેલ (મેડા). **વૈશાખ વદ-૬** પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. અ.નિ. વાલજી દેવસી કરશન હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. પ્રેમીલાબેન રામજીભાઈ વેકરીયા (સામત્રા-કચ્છ). **વૈશાખ વદ-૭** પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), અ.નિ.સ.ગુ. સ્વા. શ્રીરંગદાસજી (અમદાવાદ મંદિર), પ.ભ. મણીબેન વલ્લભભાઈ પટેલ (રનેલા-પંચમહાલ), પ.ભ. અ.નિ. લાલજીભાઈ વલ્લભભાઈ રામાણી (નિકોલ). **વૈશાખ વદ-૮** પ.ભ. અ.નિ. જસુબેન દેવસી રાબડીયા (સુખપર-કચ્છ), પ.ભ. કિરીટભાઈ નટવરલાલ ગજ્જર (ગાંધીનગર), પ.ભ. કોકીલાબેન બિપીનભાઈ પટેલ (સરસપુર), પ.ભ. અ.નિ. મહેન્દ્રભાઈ ગિરધરભાઈ પટેલ (મેડા). **વૈશાખ વદ-૯** પ.ભ. ડુંગરશીભાઈ ગોપાલભાઈ નિસર્ગ (નવાગામ-કચ્છ). **વૈશાખ વદ-૧૦** પ.ભ. દ્રષ્ટિબેન જયેશભાઈ ખાટસુરીયા (મુંબઈ), પ.ભ. કુમુદબેન ભોગીલાલભાઈ પટેલ (માણજ). **વૈશાખ વદ-૧૨** પ.ભ. અ.નિ. પ્રેમચંદદાસ મુલચંદદાસ ભાવસાર (સરસપુર), પ.ભ. અરૂણાબેન રમેશલાલ કથીરીયા (સુરત), પ.ભ. નિતીનભાઈ ઘનશ્યામભાઈ રસિકભાઈ (અમદાવાદ), પ.ભ. અ.નિ. સોમાભાઈ નાથાભાઈ પટેલ (કોઠંબા), પ.ભ. અ.નિ. વિશ્રામ ધનજી કેરાઈ (રામપર-કચ્છ), પ.ભ. અંબારામભાઈ મૂળજીભાઈ કણજરીયા (ઘનશ્યામનગર), પ.ભ. પોપટલાલ વેલજીભાઈ ચૌધરી (સોલૈયા), પ.ભ. અનુસયાબેન ગોપીનાથજી પરિવાર (વડોદરા), શ્રીહરિ ટેક્સટાઈલ્સ શ્રી પંકજભાઈ (અમદાવાદ). **વૈશાખ વદ-૧૩/૧૪** પ.ભ. અશોકભાઈ શામજીભાઈ કણઝરીયા (મેમકા), પ.ભ. અશોકભાઈ રાવજીભાઈ કણજરીયા (મેમકા), પ.ભ. ધર્મ - ધનશ્રી જયદિપભાઈ પટેલ (જામફળવાડી). **વૈશાખ વદ-૩૦** પ.ભ. કાનજીભાઈ ધનજીભાઈ પિંડોરીયા (ગોધરા-કચ્છ), પ.ભ. કાનબાઈ કરશન છભાડીયા (ગોધરા-કચ્છ), પ.ભ. અ.નિ. મહેશભાઈ ભક્તિદાસ પટેલ (ન્યુ રાણીપ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji





ધોળકા મંદિરના ૧૯૯મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ઘોડાસર (મણીનગર) નૂતન મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ. મહારાજશ્રી



જામફળવાડી મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. મહારાજશ્રી




ગુનમા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી




ઉનાવામાં કાલિકામાતા મંદિરના ૨૫માં પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા આપણા મંદિરમાં અન્નકૂટ દર્શન



ધમીજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી



મૂળી મંદિરમાં અધિકમાસ પાટોત્સવ દરમ્યાન અન્નકૂટ દર્શન



અમદાવાદ મંદિરમાં અધિકમાસ નિમિત્તે તુલસી વિવાહ પ્રસંગ ઉજવતા હરિભક્તો.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026









અધિકમાસ દરમ્યાન અમદાવાદ મંદિરમાં ધર્મકુળની નિશ્રામાં શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ , રામ નવમી ચૈત્રી સમૈયો તથા રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અને સભા મંડપમાં કથા શ્રવણ કરતા હરિભક્તો.





Praful Kharsani